સુવિચાર

તર્કનું સત્ય નહિ પણ આત્માના મનોમંથનમાંથી જન્મેલું સત્ય જ પૂર્ણ સત્ય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



રાજકોટ-ગોંડલ બાયપાસ હાઈવે પર ૮૬૦૦૦ના એમડી સાથે એક શખ્સની ધરપકડ P-4

Year-16, Issue-154 ■ DATE : 08-10-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સાઉથના ફિલ્મ સ્ટારો પર EDનાં સામૂહિક દરોડા



### હવે કોનો વારો?: કેરળ - તામિલનાડુમાં કુલ ૧૭ જેટલા સ્થળોએ કાર્યવાહી: લકઝરી કારની દાણચોરી - ગેરકાનુની વિદેશી હુંડીયામણની હેરાફેરીનાં મુદ્દે કાર્યવાહી: પૃથ્વીરાજ - દુલકેર સલમાન - અમિત - નિર્માતા એન્ટો જોસેફ - લિસ્ટિન સ્ટીફન - ઐશ્વર્યા લક્ષ્મી સહિતના મોટા નામોનો સમાવેશ

**મુખ્ય સમાચાર, ચેન્નાઈ**

લક્ઝરી કારની દાણચોરી અને ગેરકાયદેસર વિદેશી હૂંડિયામણ નેટવર્કની તપાસના ભાગ રૂપે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ () એ બુધવારે કેરળ અને તમિલનાડુમાં ૧૭ સ્થળોએ દરોડા પાડ્યા હતા.આ દરોડામાં ફિલ્મ સ્ટાર પળથ્વીરાજ, દુલ્કર સલમાન અને અમિત ચક્કલકલના રહેઠાણો તેમજ એર્નાકુલમ, ત્રિશૂર, કોઝિકોડ, મલપ્પુરમ, કોટ્ટાયમ અને કોઈમ્બતુરમાં ચોક્કસ વાહન માલિકો, ઓટો વર્કશોપ અને વેપારીઓ સાથે જોડાયેલા પરિસરનો સમાવેશ થતો હતો.

ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ હેઠળ હાથ ધરવામાં આવેલી આ કાર્યવાહી, તાજેતરની કસ્ટમ્સ તપાસ બાદ કરવામાં આવી હતી જેમાં ભૂટાનથી ભારતમાં ઉચ્ચ કક્ષાના વાહનોની કથિત દાણચોરીનો ખુલાસો થયો હતો. ગુપ્તચર માહિતીમાં ભારત-ભૂતાન અને નેપાળ રૂટ દ્વારા લેન્ડ ક્રુઝર, ડિફેન્ડર અને માસેરાતી જેવી લક્ઝરી કારની ગેરકાયદેસર આયાત અને નોંધણીમાં રોકાયેલ સિન્ડિકેટનો ખુલાસો થયો હતો.

પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે કોઈમ્બતુર સ્થિત નેટવર્કે ભારતીય સેના, યુએસ દૂતાવાસ અને વિદેશ મંત્રાલય દ્વારા જારી કરાયેલા હોવાના કથિત બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કર્યો હતો, સાથે જ અરુણાચલ પ્રદેશ, હિમાચલ પ્રદેશ અને અન્ય રાજ્યોમાં નકલી આરટીઓ નોંધણીઓ પણ કરી હતી. આ વાહનો પાછળથી ફિલ્મી હસ્તીઓ સહિત ઉચ્ચ-નેટ-વર્થ ધરાવતા વ્યક્તિઓને ઓછા ભાવે વેચવામાં આવ્યા હતા.

ઈડી એ જણાવ્યું હતું કે આ કામગીરીનો હેતુ હવાલા ચેનલો દ્વારા કથિત રીતે રૂટ કરાયેલા અનધિકળત વિદેશી વિનિમય વ્યવહારો અને સરહદ પાર ચૂકવણીની તપાસ કરવાનો છે, જેમાં FEMAની કલમ ૩, ૪ અને ૮ ના પ્રથમ દૃષ્ટિએ ઉલ્લંઘનો શોધી કાઢવામાં આવ્યા છે.

વધુમાં, અધિકારીઓ હવે નાણાંના ટ્રેલ, લાભાર્થીઓના નેટવર્ક અને સિન્ડિકેટ સાથે જોડાયેલા ભંડોળની હિલચાલને શોધી રહ્યા છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા આજે સવારથી દક્ષિણ ભારતીય ફિલ્મ ઉદ્યોગ પર મોટી કાર્યવાહી કરવામાં આવી છે. મની લોન્ડરિંગ સાથે જોડાયેલા એક કેસની તપાસના ભાગરૂપે ઈડીની ટીમોએ તમિલ અને મલયાલમ ફિલ્મોના કેટલાક જાણીતા કલાકારો અને અગ્રણી નિર્માતાઓના તમિલનાડુ અને કેરળ સ્થિત બહુવિધ સ્થળો પર એકસાથે દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહીને કારણે સમગ્ર દક્ષિણ ફિલ્મ ઉદ્યોગમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

દરમિયાન અન્ય વિશ્વસનીય સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, આ દરોડા ફિલ્મ નિર્માણમાં મોટા પાયે બિનહિસાબી એટલે કે કાળા નાણાંના રોકાણની આશંકાના પગલે પાડવામાં આવ્યા છે. ઈડીને એવી બાતમી મળી હતી કે કેટલાક નિર્માતાઓ અને કલાકારો વિદેશમાંથી હવાલા મારફતે મેળવેલા નાણાંનો ઉપયોગ ફિલ્મો બનાવવા માટે કરી રહ્યા હતા. આ નાણાકીય ગેરરીતિઓની કડીઓ મળ્યા બાદ એ આયોજનબદ્ધ રીતે આ ઓપરેશન હાથ ધર્યું હતું.

ઈડીની જુદી જુદી ટીમોએ કેરળના કોચી, તિરુવનંતપુરમ અને તમિલનાડુના ચેન્નઈ સહિતના મુખ્ય શહેરોમાં આવેલા કલાકારોના નિવાસસ્થાનો અને નિર્માતાઓની ઓફિસો પર તપાસ હાથ ધરી હતી.

જેમના પર દરોડા પાડવામાં આવ્યા છે તેમાં મલયાલમ ફિલ્મોના જાણીતા નિર્માતા એન્ટો જોસેફ, લિસ્ટિન સ્ટીફન અને અભિનેત્રી ઐશ્વર્યા લક્ષ્મી સહિત અન્ય કેટલાક મોટા નામોનો સમાવેશ થતો હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે.

## રશિયાએ યુક્રેનના મહતમ વિસ્તાર પર મેળવ્યો કબ્જો: પુતિનનો દાવો

**મુખ્ય સમાચાર, રશિયા**



રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને દાવો કર્યો છે કે આ વર્ષે તેમની સેનાએ યુક્રેનના ૫૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તાર પર નિયંત્રણ સ્થાપિત કર્યું છે. સૈન્ય કમાન્ડરો સાથેની બેઠકમાં પુતિને ભારપૂર્વક કહ્યું કે, યુદ્ધના મેદાનમાં સંપૂર્ણ વ્યૂહાત્મક પહેલ રશિયા પાસે છે. અમે અમારી પકડ મજબૂત રાખી છે અને રશિયાની અંદર હુમલો કરવાના યુક્રેનના પ્રયાસોથી પરિસ્થિતિ પલટાશે નહીં.' તેમનું આ નિવેદન બંને દેશો તરફથી થઈ રહેલા સતત ડ્રોન હુમલાઓની વચ્ચે આવ્યું છે.

પુતિને મંગળવારે પોતાના જન્મદિવસ પર ટોચના સૈન્ય કમાન્ડરો સાથેની બેઠકમાં કહ્યું કે યુક્રેનિયન સેનાઓ મોરચા પરથી પાછી હટી રહી છે. તેમણે યુક્રેન દ્વારા રશિયન ક્ષેત્રમાં કરાતા હુમલાઓને માત્ર તેમની 'ગભરામણ' ગણાવી, જે યુદ્ધની સ્થિતિ બદલવામાં મદદ કરશે નહીં.

રશિયન સેનાના જનરલ સ્ટાફ પ્રમુખ જનરલ વેલેરી ગેરાસિમોવે જણાવ્યું કે રશિયન સેનાઓ તમામ દિશાઓમાં આગળ વધી રહી છે, જ્યારે યુક્રેનિયન સેનાનું ધ્યાન માત્ર આ પ્રગતિને ધીમી કરવા પર છે. તેમણે ઉમેર્યું કે પોક્રોવસ્ક અને દ્નિપ્રોપેટ્રોવસ્ક તરફના વિસ્તારોમાં સૌથી ભીષણ લડાઈ ચાલી રહી છે.

રશિયન સૈનિકો ડોનેત્સ્ક ક્ષેત્રના મુખ્ય શહેરો સિવર્સ્ક અને કોસ્ત્યંત્યનિવકા તરફ આગળ વધી રહ્યા છે, તેમજ ઉત્તર-પૂર્વમાં કુપ્યાંસ્કમાંથી યુક્રેનિયન સેનાને હટાવી રહ્યા છે. વધુમાં, તેઓ દક્ષિણમાં ઝાપોરિઝિયા અને દ્નિપ્રોપેટ્રોવસ્કમાં પણ આગળ વધી રહ્યા છે અને ઉત્તરમાં સુમી અને ખાર્કિવ ક્ષેત્રોમાં બફર ઝોન સ્થાપિત કરવામાં પ્રગતિ કરી રહ્યા છે.

મંગળવારે રશિયાના સંરક્ષણ મંત્રાલયે યુક્રેનના વધુ બે ગામો પર કબજો કર્યાનો દાવો કર્યો છે. આ બાબતે યુક્રેનના ટોચના કમાન્ડરનું નિવેદન છે કે મોરચો હવે ૧૨૫૦ કિલોમીટરથી વધુ સુધી વિસ્તરી ચૂક્યો છે. બીજી તરફ, ઑગસ્ટમાં યુક્રેનિયન સેનાએ રશિયાના આક્રમણોને નિષ્ફળ ગણાવ્યા હતા, કારણ કે રશિયન સેના આ વર્ષે કોઈ મુખ્ય યુક્રેનિયન શહેર કબજે કરી શકી નહોતી.

યુક્રેનિયન અહેવાલો મુજબ, કિવના સૈનિકોએ ડોનેત્સ્ક ક્ષેત્રમાં, ખાસ કરીને પોક્રોવસ્કના મુખ્ય લોજિસ્ટિક્સ સેન્ટર પાસે સ્થિત ડોબ્રોપિલિયા શહેરની આસપાસ પકડ મજબૂત કરી છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ કહ્યું છે કે યુક્રેનિયન સેનાએ સરહદી સુમી ક્ષેત્રમાં ફરીથી પોતાની પકડ મજબૂત કરી છે, જ્યાં રશિયાએ સ્થિતિ મજબૂત કરી હતી.

## જયપુરમાં ૨૦૦ સિલિન્ડરના વિસ્ફોટ બાદ ટેન્કરમાંથી ઝેરી કેમિકલ લીક થતા અફરાતફરી

**મુખ્ય સમાચાર, જયપુર**



જયપુરમાં ૨૦૦ સિલિન્ડરના વિસ્ફોટ બાદ આજે સવારે બચાવ કામગીરી દરમિયાન એક ટેન્કરમાંથી ઝેરી કેમિકલ લીક થયું હતું. પોલીસે વિસ્તારને બેરિકેડ કરી દીધો હતો અને લોકોને બહાર કાઢ્યા હતા. નજીકના રેસ્ટોરન્ટ અને ખાણીપીણીની દુકાનોને પણ ખાલી કરાવવામાં આવી હતી.

મંગળવારે મોડી રાત્રે, જયપુર-અજમેર હાઇવે પર મોખમપુરામાં એક કેમિકલ ટેન્કર સિલિન્ડરો ભરેલા ટ્રક સાથે અથડાયું હતું. તેના કારણે આગ લાગી હતી અને એક પછી એક ૨૦૦ સિલિન્ડર ફૂટ્યા હતા.

ટેન્કર ચાલક રામરાજ મીણા (ઉં.વ.૩૫) જીવતો સળગી ગયો હતો. પાંચ લોકો ઘાયલ થયા હતા. ટ્રક પાસે પાર્ક કરેલા પાંચ વાહનો પણ બળી ગયા હતા. જોકે, ટેન્કરમાં રહેલા જ્વલનશીલ રસાયણમાં આગ લાગી ન હતી.

ટેન્કર દૂર કરવામાં આવી રહ્યું હતું ત્યારે લીકેજ સવારે શરૂ થયું હતું. લગભગ છ કલાકથી બંધ રહેલો હાઇવે પોલીસે સવારે ૪૩૦ વાગ્યે ફરીથી ખોલ્યો હતો.

અહેવાલો અનુસાર, કેમિકલથી ભરેલું ટેન્કર જયપુરથી ગુજરાત આવી રહ્યું હતું. મહાવીર ધાબા પાસે આરટીઓ ચેકિંગના ડરથી, ટેન્કર-ડ્રાઈવર રામરાજે ટેન્કરને ઢાબા તરફ વાળ્યું.

ટેન્કર ત્યાં પહેલેથી જ પાર્ક કરેલા ટ્રક સાથે અથડાયું. ટક્કર એટલી ગંભીર હતી કે ટેન્કરની કેબિનમાં આગ લાગી ગઈ. આ તણખાને કારણે એલપીજી સિલિન્ડર ફાટ્યાં.

મંગળવારે રાત્રે થયેલા અકસ્માત બાદ પોલીસે અજમેર અને જયપુર તરફ ટ્રાફિક ડાયવર્ટ કર્યો હતો. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, બચાવ કામગીરીના આશરે છ કલાક પછી, બુધવારે સવારે ૪ વાગ્યે હાઇવે ફરીથી ખોલવામાં આવ્યો હતો.

## રેલ્વેમાં હવે કન્ફર્મ ટિકીટમાં પ્રવાસની તારીખ બદલવા માટે ઓનલાઈન સુવિધા શરૂ કરાઈ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



ભારતીય રેલ્વે તેના મુસાફરોને સતત નવી નવી સુવિધાઓ આપી રહી છે તે વચ્ચે હવે રેલ્વેએ કન્ફર્મ ટિકીટમાં પ્રવાસની તારીખ બદલવા માટે ઓનલાઈન સુવિધા પણ શરુ કરવા તૈયારી કરી છે.

હાલ આ પ્રકારની ટિકીટમાં ફકત ઓફલાઈન એટલે કે રેલ્વે સ્ટેશને રુબરુ જઈને ફેરફાર કરી શકાય છે પરંતુ આગામી વર્ષે તે ઓનલાઈન પણ કરી શકાય તે નિશ્ચિત કરશે. મુસાફર પોતાની કન્ફર્મ ટિકીટ ટ્રેનના સમયના ૪૮ કલાક પહેલા ફેરફાર કરી શકશે અને તે માટે ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ થશે.

જેમાં ચોકકસ ફી પણ ભરવાની રહેશે. આ માટે રેલ્વે તેના ટિકીટ બુકીંગ વ્યવસ્થામાં ફેરફાર કરી રહ્યું છે. રેલ્વેની તમામ સુવિધાઓ ઓનલાઈન બને અને મુસાફરોને પ્રવાસ સિવાય રેલ્વે સ્ટેશન પર આવવાની જરૂર ન પડે તે જોવા પ્રયાસ થઈ રહ્યો છે.

હાલ આ વ્યવસ્થા કાઉન્ટર આધારિત જ છે. જો કે તે યથાવત રહેશે. પરંતુ ઓનલાઈન થવાથી મુસાફરોના સમય અને નાણા બંનેની બચત થશે અને આ માટે ૪૮ કલાક પુર્વેનો સમય હાલ નિશ્ચિત થયો છે તે બાદમાં ઘટાડીને ચાર કલાક કે આઠ કલાક સુધી કરવા તૈયારી છે. જાન્યુઆરી ૨૦૨૬થી આ સુવિધા મળશે.

## રશિયા સેના માટે કામ કરતા મોરબીના સાહિલ માજોઠીનું યુક્રેનમાં આત્મસમર્પણ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધના મેદાનમાંથી ગુજરાત માટે એક અત્યંત ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. યુક્રેનની સેનાએ દાવો કર્યો છે કે તેઓએ રશિયન દળો સાથે મળીને લડી રહેલા એક ભારતીય નાગરિકને પકડી પાડ્યો છે, જે ગુજરાતના મોરબી શહેરનો ૨૨ વર્ષનો માજોઠી સાહિલ મોહમ્મદ હુસેન છે. આ ઘટનાએ સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતમાં અનેક પરિવારોમાં ચિંતાનો માહોલ સર્જ્યો છે જેમના સંતાનો રશિયામાં અભ્યાસ કે કામ માટે ગયા છે.

યુક્રેનની ૬૩મી મિકેનાઇઝ્ડ બ્રિગેડે મંગળવારે, ૭ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ આ અંગેની જાણકારી આપતા એક વીડિયો પણ જાહેર કર્યો છે. તેમાં પકડાયેલા યુવકની ઓળખ મોરબીના ૨૨ વર્ષીય માજોતી સાહિલ મોહમ્મદ હુસૈન તરીકે થઈ છે. યુક્રેનિયન સેનાના દાવા મુજબ, સાહિલ વિદ્યાર્થી વિઝા પર રશિયા અભ્યાસ કરવા ગયો હતો.

જાહેર કરાયેલા વીડિયોમાં સાહિલ રશિયન ભાષામાં વાત કરતો જોવા મળે છે. તેણે જણાવ્યું કે રશિયામાં ડ્રગ્સ સંબંધિત આરોપોમાં તેને સાત વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. જેલની સજાથી બચવા માટે તેને રશિયન સેનામાં જોડાવાનો વિકલ્પ આપવામાં આવ્યો, જે તેણે સ્વીકાર્યો. સાહિલે વીડિયોમાં કહ્યું, 'હું જેલમાં રહેવા માંગતો ન હતો, તેથી મેં 'સ્પેશિયલ મિલિટરી ઓપરેશન' માટેના કરાર પર હસ્તાક્ષર કર્યા. પરંતુ હું ત્યાંથી બહાર નીકળવા માંગતો હતો.'

સાહિલના કહેવા પ્રમાણે, તેને ફક્ત ૧૬ દિવસની ટ્રેનિંગ આપવામાં આવી હતી અને ત્યારબાદ ૧ ઓક્ટોબરના રોજ તેને યુદ્ધના મોરચે મોકલી દેવામાં આવ્યો હતો. માત્ર ત્રણ દિવસની લડાઈ બાદ, તેના કમાન્ડર સાથે થયેલા ઝઘડા પછી તેણે યુક્રેનિયન સૈનિકો સમક્ષ આત્મસમર્પણ કરી દીધું.

સાહિલે યુક્રેનિયન સેનાને જણાવ્યું કે, 'હું લગભગ બે-ત્રણ કિલોમીટર દૂર યુક્રેનિયન સૈનિકોની પોઝિશન પર પહોંચ્યો. મેં તરત જ મારી રાઈફલ નીચે મૂકી દીધી અને કહ્યું કે મારે લડવું નથી. મને મદદની જરૂર છે. હું રશિયા પાછો જવા માંગતો નથી.' તેણે એવો પણ આરોપ લગાવ્યો કે તેને સેનામાં જોડાવા માટે જે આર્થિક વળતરનું વચન આપવામાં આવ્યું હતું, તે ક્યારેય મળ્યું નથી.

આ ઘટના સામે આવતા જ ભારત સરકાર હરકતમાં આવી છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે તેઓ આ અહેવાલની સત્યતાની ચકાસણી કરી રહ્યા છે. કિવમાં આવેલ ભારતીય દૂતાવાસ આ મામલે વિગતો એકઠી કરી રહ્યું છે. જોકે, યુક્રેનિયન અધિકારીઓ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર જાણ કરવામાં આવી નથી.

આ ઘટનાએ ફરી એકવાર એવા ભારતીય અને નેપાળી નાગરિકોનો મુદ્દો ઉઠાવ્યો છે જેમને નોકરી કે શિક્ષણના બહાને રશિયા બોલાવીને છેતરપિંડીથી અથવા બળજબરીપૂર્વક યુદ્ધમાં ધકેલી દેવામાં આવે છે. વિદેશ મંત્રાલયના આંકડા મુજબ, રશિયા તરફથી લડતા ઓછામાં ઓછા ૧૨ ભારતીય નાગરિકોના મોત થયા છે, જ્યારે ૧૬ હજુ પણ



લાપતા છે. અત્યાર સુધીમાં ૯૬ લોકોને સુરક્ષિત પાછા લાવવામાં આવ્યા છે.

## ભારતે આઈફોન નિકાસનો નવો રેકોર્ડ સર્જ્યો

### છ માસમાં જ આઈફોન નિકાસમાં ૭૫ ટકાની અભૂતપૂર્વ વૃધ્ધિ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



આર્થિક પડકારો વચ્ચે પણ ભારતીય અર્થતંત્ર ધમધમી રહ્યું જ છે. ત્યારે ભારતમાંથી એપલની આઈફોન નિકાસ છ મહિનામાં જ ૧૦ અબજ ડોલર (૮૮૭૩૦ કરોડ રૂપિયા) ને આંબી ગઈ છે. ગત વર્ષની ૫.૭૧ અબજ ડોલરની નિકાસ સામે ૭.૫ ટકાની અભુતપુર્વ વૃધ્ધિ સુચવે છે.

મોબાઈલ ગ્રાહકો સામાન્ય રીતે નવા મોડલની પ્રતિક્ષા કરતા હોય છે. એટલે ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં વેચાણ નબળુ રહેતુ હોવા છ્તા એપલની માત્ર સપ્ટેમ્બર મહિનાની નિકાસ ૧.૨૫ અબજ ડોલરની થઈ હતી.

કંપનીએ નવો આઈફોન ૧૭ લોન્ચ કર્યો હોવા છ્તાં નિકાસ વૃદ્ધિ દર સૂચક છે. ગત વર્ષે સપ્ટેમ્બરમાં નિકાસનો આંકડો માત્ર ૪૯૦ મીલીયન ડોલરનો જ હતો. જે આ વર્ષે ૧૫૫ ટકાનો જંગી વધારો સુચવે છે.

એપલ દ્વારા દર સપ્ટેમ્બરનાં નવો આઈફોન લોંચ કરવામાં આવતો હોય છે. ભારતમાં દિવાળી ઉપરાંત વિશ્વસ્તરે રજાઓ બ્લેક ફ્રાઈડે નાતાલ-નવા વર્ષને કારણે ડીમાંડમાં મોટો ઉછાળો આવતો હોય છે.

સુત્રોએ કહ્યું કે, નિકાસ વૃધ્ધિ પાછળનૂં કારણ એ ચે કે કંપનીએ આ વખતે જુના-નવા સહિત તમામ મોડલનાં આઈફોન ભારતની ફેકટરીમાંથી જ દુનિયામાં મોકલ્યા છે. અગાઉ નવા મોડલનું ભારતમાં ઉત્પાદન શરૂ થવામાં વાર લાગતી નથી.

કંપની દ્વારા પ્રોડકશન લીંકડ ઈન્સેન્ટીવ સ્કીલનો લાભ મેળવાતો હોવાથી નિયમીત રીતે નિકાસના આંકડા સરકારમાં રજુ કરે છે. કંપનીએ ગત એપ્રિલમાં બે નવી ફેકટરીમાં ઊત્પાદન શરૂ કર્યું હતું. ભારતમાં હવે કુલ પાંચ ફેકટરીમાં ઉત્પાદન થઈ રહ્યું છે. વધતા ઉત્પાદન સાથે ભારતમાંથી નિકાસ પણ વધી રહી છે.

કંપનીએ નાણાં વર્ષ ૨૦૨૫ માં ૨૨ અબજ ડોલરની કિંમતનાં આઈફોનનું ઉત્પાદન કર્યુ હતું તેમાંથી ૮૦ ટકા અર્થાત ૧૭.૫ અબજ ડોલરનાં મેઈડ ઈન ઈન્ડિયા આઈફોનની નિકાસ કરી હતી. જોકે તેની માર્કેટ વેલ્યુ અથવા રીટેઈલ ભાવ ૫૦-૬૦ ટકા વધુ હોય શકે છે.

ભારતમાં આઈફોનનું ઉત્પાદન ૨૦૨૨ માં બે અબજ ડોલરનું હતુ તે ૨૨ અબજ ડોલરે પહોંચ્યુ છે. માર્ચ ૨૦૨૬ માં આંકડો વધુ ઉંચે જઈ શકે છે.જોકે, અમેરીકી ટેરિફ તથા અન્ય પ્રતિબંધથી નિકાસ પ્રભાવીત થવાનું જોખમ છે.

## જેટલી સુવીધા એટલી દુવીધા: એઆઈના ખરાબ પાસાનો સામનો કરવાનો પડકાર: નિર્મલા સિતારમન

**મુખ્ય સમાચાર, મુંબઈ**



જેટલી સુવિધા એટલી દુવિધા છે.એઆઈ અનેક રીતે ઉપયોગી બન્યુ છે તો તેનો દુરૂપયોગ પણ અનેક રીતે થવા લાગ્યો છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે અપરાધીઓ હવે એઆઈનો ઉપયોગ અવાજોની નકલ કરવા ઓળખ કલોન કરવા અને લોકોને ગેરમાર્ગે દોરતાં અસલી જેવા વિડીયો બનાવવા માટે કરી રહ્યા છે. મેં ખુદે મારા ડીપફેંક વિડીયો જોયા છે

તેમણે લોકોનો ભરોસો જાળવી રાખવા માટે સુરક્ષાને મજબુત કરવાની વાત કરી હતી. અહીં આયોજીત વાર્ષિક ગ્લોબલ ફિનટેક ફેલ્ટમાં બોલતાં સીતારામને કહ્યું હતું કે આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ (એઆઈ) ફાયનાન્સ ગવર્નેસ અને રોજબરોજની જિંદગીને બદલી રહ્યું છે. પરંતુ તેમણે જણાવ્યું હતુ કે ટેકનોલોજીની આ પ્રગતિ માણસાઈની ભલાઈ માટે થાય તેના 'ખરાબ પાસા'નો પણ સામનો કરવો જરૂરી છે.

તેમણે જણાવ્યું હતું કે જે ટુલ્સ ઈનોવેશન (નાવીન્ય)ને પ્રોત્સાહન આપે છે તેનો ઉપયોગ છેતરપીંડી, વિશ્વાસઘાતના હથીયાર તરીકે કરવામાં આવે છે. હું તેને વ્યકિતગત નથી લઈ રહી પરંતુ હું કહી શકું છું કે મેં ખુદે અનેક ડીપફેંક વિડીયો ઓનલાઈન ફરતા જોયા છે જેને નાગરિકોને ગેરમાર્ગે દોરવા અને તથ્યોને તોડવા-મરોડવા માટે બનાવાયા છે.

તેમણે જણાવ્યું હતું કે આ વીડીયો એ વાતની જરૂરીયાતની યાદ અપાવે છે કે આપણે આવા તત્વો સામે કેટલી ઝડપથી આપણી સુરક્ષા વધારવી પડશે. આ છેતરપીંડી હવે માત્ર ફાયર વોલ તોડવાનાં બારામાં નથી, તે ભરોસાને હેક કરવાની બાબતમાં છે.

અપરાધી એઆઈનો ઉપયોગ અવાજોની નકલ કરવા, ઓળખ કલોન કરવા અને અસલી જેવા વિડીયો બનાવવા માટે કરી રહ્યા છે. તેમણે માન્યુ હતું કે એઆઈ ફાયનાન્સ, ગવર્નેન્સ અને રોજબરોજની જિંદગીને બદલી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે આ મોરચા પર ફિનટેક ઈનોવેટર્સ રોકાણકાર અને રેગ્યુલેટર સહિત પુરી ઈકો સિસ્ટમની મહત્વની ભૂમિકા છે. નાણામંત્રીએ જણાવ્યું હતું કે ઈનોવેટીવ હોવાની સાથે સાથે સિસ્ટમને મજબુત, સુરક્ષીત અને સૌને સાથે લઈને ચાલનાર પણ હોવુ જોઈએ તેમણે રોકાણકારોને નિશાન બનાવનાર ઓળખની ચોરી, ખોટી માહિતીનાં નિકાલ માટે સમર્પિત યુનિફાઈડ પેમેન્ટસ સિસ્ટમ ઈન્ટરફેસ (યુપીઆઈ) હેન્ડલથી સેબીનાં પ્રયાસોની પ્રસંસા કરી હતી. સીતારામને જણાવ્યું હતું કે ભારત પાસે વિભિન્ન એઆઈ ઉત્પાદનો અને સેવાઓનાં નિર્માણ માટે વૈશ્વિક કેન્દ્ર બનવાની ક્ષમતા છે. ભારત આવા એઆઈ ઉત્પાદન બનાવી શકે છે. જે દુનિયાભરમાં વિવિધ ઉપયોગ મામલામાં અનુકુળ હોય.

# કલ્યાણપુરના લાંબા ગામે પિતાએ બે બાળકો સાથે સામુહિક આપઘાત કરી લીધો





પુત્રી-પૂત્રને ઝેરી દવા આપ્યા બાદ કેન્સરથી પીડાતા ચિંતાતુર પિતાએ પણ જીવ ટુંકાવ્યુઃ નાના ગામમાં કરૂણ બનાવથી અરેરાટી ચોથા સ્ટેજના કેન્સરના કારણે પોતાના મૃત્યુ પછી સંતાનોનું શું થશે તેની ચિંતામાં

**મુખ્ય સમાચાર, ખંભાળીયા**

કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે રહેતા બે માસૂમ બાળકોના પિતાએ કેન્સરની બીમારીથી કંટાળી પોતાના બાળકોને ઝેર પીવડાવી પોતે ઝેર પી લઈ આપઘાત કરી લેતન બે બાળકો સહિત પરિવારના ત્રણ લોકોના મૃત થયા હતા આ બનાવને લઈને સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી

આ અંગેની મળતી માહિતી મુજબ કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે રહેતા મેરામણભાઈ કરસનભાઈ ચેતરીયા નામના યુવાનને છેલ્લા આશરે પાંચેક વર્ષથી મોઢાના કેન્સરની બીમારી હોય અને આ બીમારી અંતિમ સ્ટેજમાં હોય જેથી તેઓ છેલ્લા કેટલાક સમયથી વ્યથિત રહેતા હતા અને પોતાના મૃત્યુ પછી સંતાનોનું શુ થશે તેવી ચિંતામાં હોય કેન્સરની બીમારીની ચિંતામાં ગત તા.૬-૧૦ના રોજ સાંજના સમયગાળા દરમ્યાન તેમણે તેમની પાંચ વર્ષની પુત્રી ખુશીબેન તથા ત્રણ વર્ષના પુત્ર માધવને ઝેરી દવા પીવડાવી દીધી હતી.

ત્યારબાદ મેરામણભાઈ ચેતરિયાએ પણ પોતે ઝેરી દવા પી લેતા બન્ને સંતાનો સાથે જિંદગી ટૂંકાવી હતી.આ સમગ્ર બનાવ અંગે દ્વારકા ડી.વાય.એસ.પી. સાગર રાઠોડ સહિત પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ સાયન્ટિફિક પુરાવાઓ એકત્રિત કરવા તેમજ તપાસ સહિતની આગળની તજવીજ હાથ ધરી હતી. આ બનાવ અંગે કલ્યાણપુર પોલીસે આજ ગામના રહીશ પબાભાઈ સામતભાઈ ચેતરિયાની ફરીયાદ પરથી આગળની તપાસ કલ્યાણપુર પી.આઈ પટેલ દ્વારા હાથ ધરવામાં આવી છે.આ બનાવને લઈને મૃતકના પરિવારજનો સહિત લાંબા ગામમાં ભારે શોક સાથે અરેરાટી વ્યાપી ગઈ છે.

# પોલીસ સ્ટેશનમાં સગીરના વાળ ખેંચવાના પ્રકરણમાં સફાઈ કામદારની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાંધીગ્રામ પોલીસ મથકમાં બાળ આરોપીના વાળ ખેંચી અમાનુષી ત્રાસ આપી સજા કરવાના પ્રકરણમાં પોલીસે સફાઈકામદાર અને પોલીસમેન સામે ગુનો નોંધી સફાઈકામદારની ધરપકડ કરી તેની પુછતાછ કરતા બાળ આરોપી તેના ઘરે પાસે રહેતો હોય અને અવાર નવાર ગુનાખોરી આચરવાની કુટેવ ધરાવતો હોય જેથી તેને આવું કૃત્ય કર્યાનું બહાર આવતા પોલીસે વિશેષ કાર્યવાહી કરી હતી. તેમજ આ બનાવનો વિડીયો ઉતારનાર પોલીસમેન પ્રદિપ ડાંગર હજુ પણ પોલીસ પકડથી દુર હોવાનું બહાર આવ્યું છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગાંધીગ્રામ પોલીસ મથકમાં બાળ આરોપીના વાળ ખેંચતો હોવાનો વિડીયો વાયરલ થતા ચકચાર મચી જવા પામી હતી.બનાવના પગલે પોલીસ પરથી કમિશનર બ્રજેશકુમાર ઝાએ તપાસના આદેશો કરતા એસીપીની તપાસમાં ગાંધીગ્રામ પોલીસ મથકનો સફાઈ કામદારે બાળ આરોપીને અમાનુષી સજા કરતા હોવાનું અને આ વિડીયો પોલીસમેને ઉતાર્યાનું બહાર આવતા પોલીસે બાળ આરોપીના પરિવારની ફરિયાદ પોલીસે સફાઈકામદાર શૈલેષ કિશોર ચૌહાણ અને પોલીસમેન પ્રદિપ ડાંગર સામે ગુનો નોંધ્યો હતો.જેમાં સફાઈકામદારની ધરપકડ કરી છે. તેની પુછતાછ કરતા છોટુનગરમાં રહેતો શૈલેષના વિસ્તારમાં જ બાળ આરોપી રહેતો હોય અને અવાર નવાર ગુનાખોરી આચરતો હોય જેનો ખાર હોય ગાંધીગ્રામ પોલીસમાં પકડાતા તેને પોલીસ મથકમાં આ કૃત્ય આચર્યાનું રટણ કરતા પોલીસે હજુ ફરાર સ્પેન્ડ પોલીસમેન પકડી લેવા મથામણ કરી છે.

# ઉનામાં મહિલાને ડીલેવરીનો દુખાવો ઉપડતા માધવ હોસ્પિટલના તબીબે બાળક અને મહિલાનો જીવ બચાવ્યો



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના પંથકમાં આવેલ માધવ હોસ્પિટલ જેના તબીબ નવીન એચ કાતરીયા સાહેબ પોતાની હોસ્પિટલ માં ઓપીડી સમય પેશન જોતા હતા તે દરમિયાન એક દર્દી પ્રાઈવેટ વાહનમાં આવે છે અને પોતાના હોસ્પિટલના નીચેથી અવાજ આવે છે તેઓ તરત જ નીચે ઉતરે છે અને મહિલાને જ્યારે ડીલેવરીનો દુખાવો ઉપડે છે જ્યારે માધવ હોસ્પિટલના તબીબ નવીન એચ કાતરીયા સાહેબ તરત જ દોડી આવે છે અને વાહનમાં જ નોર્મલ ડિલિવરી કરાવે છે બાળક અને મહિલાનો જીવ બચાવે છે સાહેબની આ સુંદર કામગીરી જોવા મળે છે જ્યારે આ હોસ્પિટલની વાત કરીએ ત્યારે નવરાત્રિના સમયે હોસ્પિટલના તબીબ કરેલી એક જાહેરાત કરેલી કે કોઈપણ આ

હોસ્પિટલમાં ડીલેવરી કરાવશે અને તેને બાળકીનો જન્મ થશેતો તમામ ખર્ચ મફત રહેશે એવી એક જાહેરાત પણ કરેલી વધુ વાત કરીએ ત્યારે હોસ્પિટલની અહીં નોર્મલ ડીલીવરીને વધુ પ્રવધાન આપવામાં આવે છે આ હોસ્પિટલમાં વધુ પડતી નોર્મલ ડિલિવરી થઈ છે જેને કારણે આ હોસ્પિટલમાં આવવાનું વધુ લોકો પસંદ કરતા હોય છે અહીંની સુવિધાની વાત કરીએ ત્યારે ડીલેવરી બાદ બાળકનો જન્મ થાય છે ત્યારે તેમના વાલીઓને કંઈ જવું પડતું નથી બાળકની બધી સારવાર અહીં થાય છે અહીં ડોક્ટર કિરણબેન એન કાતરીયા જે બાળકોના ડોક્ટર છે જેને કારણે તમામ સુવિધાઓ અહીં ઉપલબ્ધ હોય છે માધવ એક કેવી હોસ્પિટલ છે જ્યાં મધ્યમ તરીવારો અહીં આવીને ડોક્ટરને આશીર્વાદ આપે છે અહીંથી હસતા જાય છે

# જામનગરમાં આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ નિમિત્તે ડેન્ટલ કોલેજ દ્વારા ધ્રોલ ખાતે વિશેષ સેવા કેમ્પનું આયોજન કરાયું




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસ નિમિત્તે વૃદ્ધો માટે દેખરેખની જવાબદારી લેવાના સંકલ્પના ભાગરૂપે ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, જામનગર દ્વારા ધ્રોલ સરકારી હોસ્પિટલ ખાતે એક વિશેષ આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં વૃદ્ધોના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે ડેન્ટલ ચેકઅપ અને જરૂરિયાતમંદોને વિનામૂલ્યે નવા ચોક્ઠા બનાવી આપવામાં આવ્યા હતા.આ કેમ્પમાં ૯૦થી વધુ વડીલોએ ઉત્સાહભેર કેમ્પનો લાભ લીધો હતો, જ્યાં તેમનું યોગ્ય નિદાન કરીને ચોક્ઠા બનાવવા માટેના માપ લેવાની વ્યવસ્થા ધ્રોલ સરકારી હોસ્પિટલ ખાતે જ કરવામાં આવી હતી. માત્ર એક જ દિવસમાં ૩૦થી વધુ ચોક્ઠાના તમામ માપ લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત, વડીલોને ચોક્ઠાની યોગ્ય સંભાળ માટેની મહત્ત્વની માહિતી પણ પૂરી પાડવામાં આવી હતી, સાથે જ ચોકઠું યોગ્ય રીતે સાચવવા માટે ડેન્ચર હાઈજીન કીટનું પણ વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ તમામ નિદાન, સારવાર અને કીટ વિતરણ ડેન્ટલ કોલેજ જામનગરના ચોક્ઠા વિભાગ દ્વારા સંપૂર્ણપણે વિના મૂલ્યે કરવામાં આવ્યું હતું.ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજ તથા હોસ્પિટલ જામનગરના ડિન ડો. નયનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ તેમજ ચોક્ઠા વિભાગના વડા પ્રોફેસર ડો. સંજય લગદીવે, સીનીયર ડો. સંજય ઉમરાણીયા અને સીનીયર ડો. ધારા રાણાની આગેવાની હેઠળ આ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વિભાગના તમામ ડોક્ટર સ્ટાફ, પી.જી. ડોક્ટર, અને ઈન્ટર્ન ડોક્ટરો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. ધ્રોલ સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. સાગર ગામી, ડેન્ટલ સર્જન ડો. નીલદીપ ભીમાણી તથા તેમની ટીમે પણ આ આયોજનને સફળ બનાવવા માટે વિશેષ સહકાર પૂરો પાડ્યો હતો.

# જામનગર આશાવર્કર બહેનોએ પડતર પ્રશ્નો સંદર્ભે વિરોધ પ્રદર્શન કર્યુ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરની આશાવર્કર બહેનોએ પડતર માંગણીઓને લઈને આજે રેલી સ્વરુપે વિરોધ પ્રદર્શન કરીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આશાવર્કર બહેનોની લાંબા સમયથી પગાર વધારા તેમજ ફરજ દરમ્યાન મૃત્યુમાં પાંચ લાખની સહાય આપવા, રીટાયર દરમિયાન રુ.૧૦ લાખ, તેમજ ૫જી મોબાઈલ અથવા ટેબલેટ આપવામાં સહિતના જુદા જુદા ૧૨ મુદાઓને લઈને અખિલ ભાતી આશા કર્મચારી મહાસંઘના નેજા હેઠળ જામનગર મહાનગરપાલિકા ખાતે આશા વર્કર બહેનોએ ધરણા યોજ્યા હતા. રેલી યોજીને કમિશનરને લેખિતમાં રજુઆત કરી છે. આશા વર્કર બહેનો દ્વારા ઉગ્ર ધરણા કરીને સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.અત્રે ઉલ્લેખનિય છે કે, આશા વર્કર બહેનો નજીવા પગારથી પોતાની ફરજ બજાવતા હતા. તેમાં પણ ૧૮થી ૪૦ વર્ષ સુધીની વયમર્યાદા હોવાથી તે વય મર્યાદા વધારવાની માંગણી છે. તેમજ આશા વર્કર બહેનોને ડ્રેસ કોડ આપવાની સાથે વર્ષમાં બે ગણવેશ આપવાની પણ માંગણી કરવામાં આવી છે.

# ઉના તાલુકાના કાળપાણ ગામથી અનધિકૃત રેતી લઇ આવતાં અંદાજિત ૬ ટન રેતી સાથેના ૨ ટ્રેક્ટર ઝડપાયા

ટ્રેક્ટર સીઝ કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

કલેક્ટર એન.વી. ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ આજરોજ પ્રાંત ઓફિસ તથા મામલતદાર ઓફિસની ટીમ દ્વારા ઉના તાલુકાના કાળપાણ ગામથી અનધિકૃત રેતી લઇ આવતા અંદાજિત ૬ ટન રેતી સાથેના ૨ ટ્રેક્ટર જેની અંદાજિત કિંમત રૂ. ૮ લાખ થવા જાય છે. તેને સીઝ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર સહિતના ઉચ્ચ અધિકારીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞાનું સામૂહિક પઠન કરી 'વિકસિત ભારત'ના નિર્માણનો સંકલ્પ લીધો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, રાષ્ટ્ર નિર્માણની ભાવનાને દૃઢ કરવા અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાના ઉદ્દેશ્ય સાથે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર કેતન ઠક્કર સહિતના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓએ સામૂહિક રીતે ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી. આ ગૌરવપૂર્ણ કાર્યક્રમમાં કલેક્ટર ઉપરાંત ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની, નિવાસી અધિક કલેક્ટર બી. એન. ખેર સહિત સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ તથા જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સૌએ સંકલ્પ કર્યો કે તેઓ સ્વનો વિચાર કરતાં પહેલાં સૌનો વિચાર કરશે અને દેશના તમામ સંસાધનોનો યોગ્ય રીતે ઉપયોગ કરીને દેશના સર્વાંગી અને સમાવેશી વિકાસ માટે અવિરત કાર્યરત રહેશે. પ્રતિજ્ઞામાં ભારતના સમૃદ્ધ વારસાનું ગૌરવ અને જતન કરવા તેમજ દેશના બંધારણીય મૂલ્યોનું રક્ષણ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરાઈ હતી. જ્ઞાતિ, ધર્મ કે જાતિના તમામ બંધનોમાંથી મુક્ત રહીને, બંધુતાની ભાવના સાથે દેશને પ્રાધાન્ય આપી, એક ભારત, શ્રેષ્ઠ ભારતના સૂત્રને સાકાર કરવા માટે સૌ સદાય પ્રતિબદ્ધ રહેશે. વધુમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જોયેલ વિકસિત ભારતના સ્વપનને સાકાર કરવા માટે મન, વચન અને કર્મથી તત્પર રહેવાનો સંકલ્પ લેવાયો હતો.''હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી''ના મંત્ર થકી આત્મનિર્ભર ભારતના નિર્માણમાં શ્રેષ્ઠ યોગદાન આપવા માટે સૌએ કટિબદ્ધતા દર્શાવી હતી. અંતે,રાષ્ટ્ર પ્રથમના મંત્રને જીવનમંત્ર બનાવીને દેશના વિકાસ અને કલ્યાણ માટે તન, મન અને ધનથી અવિરત પ્રયાસરત રહેવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

# જામનગર નજીક આવેલું ખીજડીયા પક્ષી અભયારણ્ય પ્રવાસીઓ અને મુલાકાતીઓ માટે ખુલ્લું મુકાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક આવેલું ખીજડીયા પક્ષી અભયારણ્ય આજથી એટલે કે ૭ ઓક્ટોબર, મંગળવારથી પ્રવાસીઓ અને મુલાકાતીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. ચોમાસાના ચાર મહિનાના વિરામ બાદ આ અભયારણ્ય ફરી ધમધમતું થશે.દર વર્ષે ચોમાસા દરમિયાન પક્ષીઓના સંવર્ધન અને સુરક્ષા માટે આ અભયારણ્ય ચાર મહિના માટે બંધ રાખવામાં આવે છે. આજે વહેલી સવારથી જ પક્ષીપ્રેમીઓ અને પ્રવાસીઓ માટે પ્રવેશ શરૂ કરી દેવામાં આવ્યો છે.મરીન નેશનલ પાર્ક હેઠળ આવતા આ ખીજડીયા પક્ષી અભયારણ્યમાં દેશ-વિદેશના અસંખ્ય પક્ષીઓ વસવાટ કરે છે. શિયાળાની ઋતુમાં અહીં ૩૩૪ જેટલા વિવિધ પ્રકારના પક્ષીઓ મહેમાન બને છે. ખારા અને મીઠા પાણીના ક્યારા તેમજ અનુકૂળ ભૌગોલિક સ્થિતિને કારણે વિવિધ પ્રજાતિના પક્ષીઓ અહીં આકર્ષાય છે.પક્ષીઓને અહીં શાંત વાતાવરણ, પૂરતો ખોરાક અને પાણીની સુવિધા મળે છે. મરીન નેશનલ પાર્ક પણ આ પક્ષીઓને રક્ષણ પૂરું પાડવા માટે સક્રિય ભૂમિકા ભજવે છે, જેના પરિણામે દુનિયાના ખૂણેખૂણેથી પક્ષીઓ ખીજડીયા આવે છે.મોટી સંખ્યામાં અને વિવિધ પ્રકારના પક્ષીઓને નજીકથી નિહાળવા માટે પક્ષીપ્રેમીઓ નિયમિતપણે ખીજડીયા પક્ષી અભયારણ્યની મુલાકાત લે છે. ખાસ કરીને શિયાળામાં પક્ષીઓની ફોટોગ્રાફી માટે ફોટોગ્રાફરોની પણ ભીડ જોવા મળે છે.આ વર્ષે સારા વરસાદને કારણે શિયાળામાં દેશ-વિદેશના પક્ષીઓ વધુ સંખ્યામાં આવે તેવી શક્યતા છે. દિવાળી વેકેશન અને ઠંડીની મોસમમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આ અભયારણ્યની મુલાકાત લે તેવી અપેક્ષા છે.

# જલજીત સોસાયટીમાં કોલેજીયન યુવકનો ગળાફાંસો ખાઈ આપઘાત

સતાપર ગામના પરીવારના એકના એક પુત્રના મોતથી કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ૧૫૦ ફંટ રીંગ રોડ પર જલજીત સોસાયટીમાં ઓરડીમાં મિત્રો સાથે રહેતો અને આર.કે. યુનિવર્સિટીમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા યુવકે ઓરડીમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.કોલેજથી ઓરડીએ આવેલા મિત્રએ લટકતો જોઈ જાણ કરતા પોલીસે તપાસ કરતા યુવકનો મોબાઈલ અનલોક હોવાનુ તેમજ પરીવારમાં બે બહેનોમાં એકના એક પુત્ર હોવાનુ બહાર આવતા પોલીસે કોલેજીયન યુવકના આપઘાતનુ કારણ જાણવા કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ મુજબ મુળ ગોંડલના સતાપરગામનો અને હાલ રાજકોટમાં ૧૫૦ ફુટ રીંગ રોડ પર ઉમીયા ચોક પાસે જલજીત સોસાયટીમાં રહેતો માધવ કિશોરભાઈ વાડોદરીયા (ઉ.૨૦)એ પંખામાં દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. કોલેજથી ઓરડીએ આવેલા તેના મિત્રોએ દરવાજો ખોલતા યુવકને લટકતો જોઈ દેકારો કરતા પાડોશના લોકો એકઠા થઈ તેને ઉતારી જાણ કરતા ૧૦૮ના તબીબે મૃત જાહેર કર્યો હતો. માલવીયા નગર પોલીસના જમાદાર દિનેશભાઈ બગડા સહીતના સ્ટાફે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સીવીલ હોસ્પીટલમાં ખસેડી તપાસ હાથ ધરી હતી.

પોલીસની તપાસમાં મૃતક માધવ આર.કે. કોલેજમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હોવાનુ અને બે બહેનોમાં એકના એક ભાઈ હોવાનુ અને તેના પિતા ખેતીકામ કરતા હોવાનુ પરીવારે જણાવતા પોલીસે યુવક પાસેથી મળી આવેલ અનલોક હોય કબજે કરી યુવકના આપઘાતનુ કારણ જાણવા કાર્યવાહી કરી છે.

# રિક્ષા ગેંગનો સાગરીત પકડાયો પખવાડીયામાં ૩૬ ગુના આચર્યા, સુત્રધાર હજુ ફરાર

હોસ્પીટલ ચોક માંથી બેસાડી યુવકના ૯ હજાર ચોરી લીધા હતા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં બે દિવસ પુર્વે હોસ્પીટલ ચોક પાસેથી રિક્ષામાં બેસાડી ૯ હજારની રોકડ નજર ચુકવી ચોરી લીધાની ફરીયાદ કરતા એડવીઝન પોલીસે ચાલક સહીત બે શખસો સામે ગુનો નોધી કાર્યવાહી કરી હતી. જેમા ક્રાઈમ બ્રાંચે ચાલકની ધરપકડ કરી પુછ્તાછ કરતા તેને અને સુત્રધારએ છેલ્લા પખવાડીયામાં ૩૯ રોકડ ચોરીના ગુના આચર્યાની કબુલાત આપતા પોલીસે સુત્રધારની શોધખોળ કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ સંતકબીર રોડ પર રહેતા અને ટ્રક ચાલક યુવક ખંડેરી સ્ટેડીયમ પાસે હોટલ પાસે ટ્રક પાર્ક કરી ઘેર જવા માટે રિક્ષામાં હોસ્પીટલ ચોક અને ત્યાથી કુવાડવા રોડ પર આશ્રમ પાસે જવા માટે રિક્ષામાં બેઠો હતો જેમા એક શખસ અગાઉથી બેઠો હોય થોડે દુર ગયા બાદ પાછળ બેઠેલા શખસે ઉલ્ટીઓ કરતા ચાલકે મારા ભાઈની

તબીયત ખરાબ થઈ ગઈ છે તમે ઉતરી જાવ કહી ઉતારી નાસી ગયા બાદ યુવકએ તપાસ કરતા તેના ખીસ્સામાંથી ૯ હજાર તેમજ લાયસન્સ સહીતનુ પર્સ ગાયબ હોય ફરીયાદ કરી હતી.

દરમ્યાન ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ પરમાર સહીતે માહીતીને આધારે રેલ્વે સ્ટેશન પાસેથી શંકાના આધારે ગોંડલ રોડ પર શકિતસોસાયટીમાં રહેતો રિક્ષા ચાલક પ્રકાશ નરેન્દ્રભાઈ હળદરીયાની અટકાયત કરી તેની આકરી પુછ્તાછ કરતા તેને કોઠી કંપાઉન્ડમાં રહેતા નામચીન ધનજી ઉર્ફે ધનો ઘેડાણી સાથે છેલ્લા ૧૫ દિવસમાં ૩૯ મુસ-ફરોની નજર ચુકવી રોકડની ચોરી કરી હોવાનુ રટણ કરતા પોલીસે તેની ધરપકડ કરી સુત્રધારને પકડી લેવા કાર્યવાહી કરી છે.

# જામજોધપુરમાં રૂ.૪.૩૧ કરોડથી વધુના ખર્ચે નિર્મિત એસ.ટી. ડેપો વર્કશોપનું લોકાર્પણ કરતાં જિલ્લા પંચાયત પ્રમુખ મેઘબેન ગરસર




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપેજામજોધપુર શહેર અને તાલુકાના નાગરિકોની સુવિધામાં વધારો કરવાના હેતુસર ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિર્મિત જામજોધપુર એસ.ટી ડેપોના આધુનિક વર્કશોપની લોકાર્પણ વિધિ જિલ્લા પંચાયત પ્રમુખ મેઘબેન ગરસરના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.અંદાજે રૂ.૪૩૧.૦૩ લાખના ખર્ચે તૈયાર થયેલ આ અત્યાધુનિક ડેપો વર્કશોપ પ્રવાસીઓને વધુ સુરક્ષિત અને સમયસર પરિવહન સેવા પૂરી પાડવામાં મદદરૂપ થશે.આ નવીન એસ.ટી.ડેપો વર્કશોપનું તકતી અનાવરણ સાથે લોકાર્પણ જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખ મેઘબેન ગરસરના વરદ હસ્તે મહાનુભાવોની ખાસ ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું. આ પ્રસંગે જામજોધપુરના પૂર્વ ધારા-સભ્ય ચિરાગભાઈ કાલરીયા, જામનગર જિલ્લા પંચાયત સદસ્ય લાલજીભાઈ સુતરીયા, જામજોધપુર તાલુકા પંચાયત પ્રમુખ જશુબેન રાઠોડ અને ઉપપ્રમુખ દેવાભાઈ પરમાર, તેમજ વરિષ્ઠ આગેવાન ગીરીશકુમાર ગરસર સહિત શહેર અને તાલુકાના અગ્રણી નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ અદ્યતન વર્કશોપના નિર્માણ અને લોકાર્પણ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના જામનગર વિભાગ દ્વારા સરાહનીય જહેમત ઉઠાવવામાં આવી હતી. સમગ્ર આયોજન જામનગર વિભાગના નિયામક બી. સી. જાડેજાના માર્ગદર્શન અને સીધી દેખરેખ હેઠળ જામજોધપુર ડેપોના મેનેજર રાજેશ ઠુંમર, હિસાબી અધિકારી ભરતભાઈ ભીમાણી, બાંધકામ સુપરવાઈઝર શક્તિસિંહ વાઢેર, તથા યુનિયન આગેવાનો અને અધિકારી-કર્મચારી ગણે ઉત્સાહપૂર્વક સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# તોરણીયા પાસે યુવાનની લાશ મળી કુટુંબીજનો એ હત્યાનો આક્ષેપ કર્યા

**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજીના તોરણીયા અને નાની પરબડી ગામ વચ્ચે આવેલ ધાબીમાંથી એક યુવાન કોહવાઈ ગયેલી લાશ મળી આવી હતી. યુવકના પરિવારજનોએ તેની હત્યા થઈ હોવાની આશંકા વ્યકત કરતા પોલીસે એ દિશામાં તપાસ આગળ વધારી છે.

તોરણીયા ગામમાં ખેતમજૂરીનું કામ કરતો મયુરભાઈ શામજીભાઈ દેલવાડીયા (ઉંમર અંદાજે ૩૫ વર્ષ) ગત શુક્રવારે તોરણીયા ગામેથી ગુમ થયો હતો. પોલીસ અને ગ્રામજનો દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી ત્યારે સાંજના સમયે નાની પરબડી ગામ અને તોરણીયા ગામ વચ્ચે આવેલ ધાબીના પાણીના ભૂંગળામાંથી કોહવાઈ ગયેલી લાશ મળી આવી હતી. ધોરાજી સરકારી હોસ્પિટલમાં પીએમ માટે લાશને ખસેડવામાં આવી હતી. જાણ થતાં તાલુકા પોલીસ અધિકારીઆ, પરીવારજનો અને ધોરાજી ઉપલેટાના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયા હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

મૃતક યુવાનના પિતરાઈભાઈએ તેના ભાઈને કોઈએ મારીને ફેંકી દીધો છે તેવી આશંકા વ્યક્ત કરી હતી. હાલ તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે ત્યારે વધુ તપાસ બાદ સાચી હકીકત બહાર આવશે. મૃત્યુ દેહને ફોરેન્સિક પીએમ માટે રાજકોટ મોકલવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

# પુજીત રૂપાણી ટ્રસ્ટ દ્વારા આજે છેવાડાના બાળકો માટે બાળસંગમ

સ્વ.પુજીતના જન્મદિને ભૂલકાઓને મોજ કરાવાશેઃ સાંસદ રૂપાલા, મોકરિયા સહિતની હાજરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દર વર્ષે ૮ ઓક્ટોબર, સ્વ. પુજીતનાં જન્મદિવસ નિમિતે ફનવર્લ્ડ ખાતે રાજકોટનાં ઝૂપડપટ્ટીમાં વસતા આર્થિકરીતે પછાત અને છેવાડાના બાળકો માટે ફનવર્લ્ડની મોજ સ્વરૂપે એક દિવસીય 'બાળસંગમ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેમાં સવારે ૮.૪૫ વાગ્યે બાળકોને ફન વર્લ્ડ ખાતે એકત્રિત કરી આ બાળકો માટે રંગારંગ કાર્યક્રમ, રાઇડસની મોજ ત્યારબાદ ભાવતા ભોજન જમાડી અને છેલ્લે એક સરસ ગિફ્ટ આપી બાળકોને એક દિવસ માટે મોજ કરાવવામાં આવે છે જેમાં ૭૦૦ જેટલા બાળકો જોડાશે.

બાળકોને પ્રોત્સાહિત કરવા ઉદઘાટક તરીકે દત્તાત્રેયજી હોસબાલે (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરકાર્યવાહ અને પ્રસિધ્ધ વિચારક), મુખ્ય મહેમાન તરીકે પરસોતમભાઈ રૂપાલા (સાંસદ, લોકસભા-રાજકોટ) તથા રામભાઈ મોકરિયા (સાંસદ, રાજ્યસભા-રાજકોટ) ખાસ ઉપસ્થિત રહેશે. ટ્રસ્ટી અંજલિબેન રૂપાણીના માર્ગદર્શન હેઠળ કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

# મનોદિવ્યાંગ તેમજ ચિલ્ડ્રન હોમના બાળકોએ રાસ-ગરબાની રમઝટ સાથે શરદોત્સવની કરી ઉજવણી

### જિલ્લા સમાજ સુરક્ષાની કચેરી તેમજ જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા સ્પેશિયલ બાળકો માટે ખાસ રાસોત્સવનું આયોજન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર હેઠળના સમાજ સુરક્ષા પ્રભાગ હસ્તકની માન્યતા પ્રાપ્ત માનસિક દિવ્યાંગ બાળકો તથા મહિલાઓ અને બાળ સંભાળ ગૃહના બાળકોએ સાથે મળીને શરદોત્સવ નિમિત્તે આયોજિત રાસ ગરબામાં હર્ષોલ્લાસ સાથે ભાગ લીધો હતો.

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, જિલ્લા બાળ સુરક્ષા એકમ તેમજ રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ક્રિસ્ટલ મોલ પાસે આવેલ માનસિક ક્ષતિ વાળા બાળકોના ગૃહ ખાતે આયોજિત રાસ ગરબા કાર્યક્રમમાં મુખ્ય અતિથિ રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ ઉપસ્થિત રહી સૌ ખેલૈયાનો ઉત્સવ વધાર્યો હતો

આ શરદોત્સવમા માનસિક ક્ષતિવાળા બાળકોનું ગૃહ, ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ, ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, સ્ટેટ હોમ ફોર મેન, ભિક્ષુક સ્વીકાર કેન્દ્ર, કાઠીયાવાડ નિરાશ્રીત બાલાશ્રમ સહિતની સંસ્થાઓના બાળકો અને યુવાનોએ રંગબેરંગી પોશાકમાં રાસ ગરબા રમી નિજાનંદ માણ્યો હતો. રાસ ગરબાના વિજેતા સ્પર્ધકોને મહાનુભાવના હસ્તે શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ બાદ ખેલૈયાઓને મન ભાવતું ભોજન કરાવવામાં આવ્યુ હતું.

આ રાસ્તોત્સવમાં ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ આયોગના પ્રમુખ ધર્મિષ્ઠાબેન ગજ્જર , નાયબ કલેકટર ઈલાબેન ગોહિલ, સી. ડબલ્યુ. સી. ના ચેરમેન ડો. પ્રિતેશભાઈ પોપટ, રમાબેન હેરમા, ભાસ્કરભાઈ જેસાણી, સમાજ સુરક્ષા અધિકારી ડો. પ્રાર્થનાબેન શેરસીયા, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ડો. અલ્પેશ ગોસ્વામી, ભિક્ષુક ગૃહના અધિક્ષક મેહુલગીરી ગોસ્વામી, અગ્રણી સર્વ રીનાબેન ભોજાણી, ડો. સંજય દેસાઈ, સેજલબેન ચૌધરી સહિત દાતાઓ તેમજ બાળકોના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.30ના રોજ યોજાશે

### તાલુકા કક્ષાનો કાર્યક્રમ તા. ૨૯મીએ મામલતદાર કચેરીએ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ (સ્વાગત) કાર્યક્રમ આગામી તારીખ 30 ઓક્ટોબરનાં રોજ યોજાશે. આ ઉપરાંત તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૯ ઓક્ટોબરના રોજ સબંધકર્તા મામલતદાર કચેરી ખાતે યોજાશે.

જિલ્લા કક્ષા માટે તા. ૧૦ ઓક્ટોબર સુધીમાં સંબંધિત ખાતા-વિભાગોની જિલ્લા કક્ષાની કચેરીનાં વડાને નાગરિકો ફરિયાદો-પ્રશ્નો મોકલી શકશે. તથા તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અંગેના પ્રશ્નો બે નકલમાં સંબંધ કર્તા મામલતદારને તારીખ ૧૦ ઓક્ટોબર સુધીમાં મોકલી આપવા જણાવાયું છે. જિલ્લાનો ઓક્ટોબર માસનો સ્વાગત કાર્યક્રમ તા.30/૧૦/૨૦૨૫ના રોજ સવારે ૧030 વાગ્યે જિલ્લા કલેક્ટર કચેરી, ત્રીજા માળે સભાખંડમાં યોજાશે. વધુ જાણકારી માટે ફોન નં. ૦૨૮૧ ૨૪૪૭૭૬૬૦થી ૬૪ પર સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# ૨૬મો વિશ્વ દ્રષ્ટિ દિનની કાલે ઉજવણી

### જી.ટી.શેઠ સરકારી આંખની હોસ્પિટલનાં તબીબો અને આરોગ્યની ટીમ ૧૦.૮૯ લાખથી વધુ નાગરિકોની આંખોની તપાસ કરશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૨૬મો વિશ્વ દ્રષ્ટિ દિન આગામી તા. ૯ ઓક્ટોબરના રોજ યોજાશે. આ દિવસની ઉજવણીના ભાગરૂપે જી.ટી.શેઠ સરકારી આંખ હોસ્પિટલનાં તબીબો અને આરોગ્યની ટીમ રાજકોટ શહેર અને જિલ્લામાં ૧૦.૮૯ લાખથી વધુ લોકોની આંખો તપાસ અને નિદાન કરશે.

આરોગ્યની જુદી-જુદી ટીમો આગામી તા.૩૧ ડિસેમ્બર સુધીમાં ૪૦થી વધુ વયનાં અંદાજે ૧૦.૮૯ લાખથી વધુ લોકોની આંખોનું સ્ક્રિનિંગ કરી આંખોની કાળજી અંગે જાગૃત કરશે. જરૂર જણાયે દર્દીને સારવાર પણ વિનામૂલ્યે આપવામાં આવશે. આ કામગીરી માટે આશા બહેનો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, શહેરી આરોગ્ય કેન્દ્ર , પેટા આરોગ્ય કેન્દ્રનાં સ્ટાફ, મેડિકલ ઓફિસર, ઓપ્થેલમિક આસિસ્ટન્ટ અને આંખના સર્જન સહિત ટીમ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ કામગીરી કરી રહ્યા છે.

નિયમિત આંખની તપાસ આંખની સમસ્યાઓને વહેલા શોધી શકે છે, જેનાથી સમયસર સારવાર મળી શકે છે. સંતુલિત આહાર અને નિયમિત કસરત સહિત સ્વસ્થ જીવનશૈલી જાળવી રાખવાથી આંખના રોગોનું જોખમ ઘટાડી શકાય છે. રમતગમત અથવા કામ દરમિયાન રક્ષણાત્મક ગિયર પહેરવાથી ઇજાઓથી આંખોનું રક્ષણ કરી શકાય છે. આંખના સ્વાસ્થ્ય વિશે જાગૃતિ વધારવી અને સારવારના વિકલ્પો પર શિક્ષણને પ્રોત્સાહન આપવું, એ આ કાર્યક્રનો ઉદ્દેશ્ય છે.

જી.ટી.શેઠ સરકારી હોસ્પિટલ રાજકોટમાં આંખના દર્દીઓને નિદાન, સારવાર અને આંખોની કાળજી અંગે જરૂરી માહિતી આપવામાં આવે છે. વિશ્વ દ્રષ્ટિ દિવસ અંતર્ગત જી.ટી.શેઠ આંખની હોસ્પિટલ ખાતે કેમ્પ યોજાશે. આ કામગીરી માટે હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ડોક્ટર કમલસિંહ ડોડીયા, પ્રોગ્રામ ઓફિસર ડો.હરેશ ગઢીયા, ડો.નીતિ શેઠ, ડો.ફાલ્ગુનીબેન ત્રિવેદી, ડો અંજલીબેન અને ચેતનાબેન, ડો.પી.કે.સિંઘ, ડો માધવીબેન, ડો.વાકાણી સહિત સ્ટાફ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ જેહમત ઉઠાવી રહ્યાં છે.

# રાજકોટ જિલ્લામાં ૧૨ ઓક્ટોબર સુધીમાં છૂટાછવાયા હળવા વરસાદી ઝાપટાની શક્યતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં તા. ૮થી ૧૨ ઓક્ટોબર દરમિયાન છૂટાછવાયા વિસ્તારમાં હળવા વરસાદી ઝાપટા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ભારત સરકારના હવામાન ખાતા તરફથી મળેલી હવામાન માહિતી અનુસાર જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ગ્રામીણ કૃષિ મોસમ સેવા વિભાગ, તરઘડીયા દ્વારા આગાહી કરવામાં આવી છે કે, રાજકોટ જિલ્લામાં ૮થી ૧૨ ઓક્ટોબર દરમિયાન ભેજવાળું અને આંશિક વાદળછાયું હવામાન રહેવાની શક્યતા છે. આ સાથે છૂટાછવાયા વિસ્તારમાં હળવા વરસાદી ઝાપટા વરસી શકે છે.

આ સમયગાળામાં દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૩થી ૩૪ ડિગ્રી જ્યારે લઘુતમ તાપમાન રાત્રિ તાપમાન ૨૪-૨૬ ડિગ્રી જેટલું રહેવાની સંભાવના છે.

મહત્તમ ભેજનું પ્રમાણ ૬૦-૯૦ ટકા તથા લઘુતમ ભેજનું પ્રમાણ ૩૦-૫૦ ટકા રહી શકે છે. પવનની દિશા પશ્ચિમ, વાયવ્ય, ઉત્તરની રહેવાની અને પવનની ઝડપ ૪થી ૯ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

# રાજકોટ જિલ્લાની વિવિધ તાલુકા કચેરીઓમાં ભારત વિકાસ પ્રતિજ્ઞા થકી વિકસિત રાષ્ટ્ર માટે પ્રતિબદ્ધ થતાં કર્મયોગીઓ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ગુજરાતની અવિરત વિકાસ યાત્રાને ૨૪ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સમગ્ર રાજ્યમાં વિકાસ સપ્તાહ - ૨૦૨૫ની ઉમંગભેર ઉજવણી થઈ રહી છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં તા. ૦૭ના રોજ વિકાસ સપ્તાહના પ્રથમ દિવસે રાજકોટ જિલ્લાની વિવિધ કચેરીઓમાં અધિકારીઓ અને કર્મચારીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી. કોટડાસાંગાણી, પડધરી, જસદણ, લોધિકા તાલુકાઓની મામલતદાર કચેરી ઉપરાંત જિલ્લાની વિવિધ તાલુકા કચેરીઓમાં કર્મયોગીઓ ભારત વિકાસ પ્રતિજ્ઞા



થકી વિકસિત રાષ્ટ્ર ૨૦૨૭ માટે પ્રતિબદ્ધ થયા હતાં. આમ, વિવિધ કચેરીઓના સ્ટાફે દેશના વિકાસ માટે સહભાગી થવા સંકલ્પ કર્યો હતો.

# દિવાળી પર્વની ઉજવણીના ભાગરૂપે સ્વ સહાય જૂથના બહેનોને રોજગારી પ્રદાન કરવા માટે ''પ્રદર્શન કમ વેચાણ''નું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મહાનગરપાલિકા દ્વારા શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના હેઠળ કાર્યરત સખી મંડળ/સ્વ-સહાય જૂથની બહેનો દ્વારા ઉત્પાદિત ચીજ-વસ્તુઓ જેવી કે સુશોભન, હેન્ડીક્રાફટ,રંગોળી કલર, ગોબર માંથી બનાવેલ વિવિધ ચીજવસ્તુઓ, બીડ વર્ક, જ્વેલરી , કરછી વર્કની આઈટમ, તોરણ-ટોડલીયા, હોમમેડ વિવિધ વસ્તુઓના ''પ્રદર્શન કમ વેચાણ'' થકી બહેનોને રોજગારી મળી રહે તે માટે તા.૦૭થી તા.૧૯ દિવાળી પર્વને અનુલક્ષીને મહિલા હોકર્સ ઝોન, ક્રિસ્ટલ મોલની સામે, કાલાવડ રોડ, રાજકોટ ખાતે બપોરે ૪ કલાકથી રાત્રિના ૯ કલાક સુધી ''પ્રદર્શન કમ વેચાણ''નું આયોજન કરવામાં આવેલ છે. આ મહિલા હોકર્સ ઝોન ખાતે આયોજિત વિવિધ વસ્તુઓના વેચાણ માટે અલગ-અલગ પ્રકારના કુલ ૨૦ જેટલા સ્ટોલ મારફત બહેનોને રોજગારી મળે અને તેમના ઘરે પણ દિવાળીનો દીપક પ્રજ્વલિત થાય તે માટે આ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

મહિલા હોકર્સઝોન ખાતે આયોજિત ''પ્રદર્શન કમ વેચાણ'' મેળા માંથી ચીજવસ્તુઓની ખરીદી કરવા રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનીસીપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડિયા તથા શ્રી શિશુ કલ્યાણ ખાસ ગ્રાંટ અને અગ્નિ શામક દળ સમિતિના ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા દ્વારા શહેરીજનોને ખાસ અપીલ અને અનુરોધ કરવામાં આવે છે.

# ગત માસ દરમિયાન આરપીએફ, રાજકોટ ડિવિઝને આશરે ૨,૧૯,૯૮૨ મૂલ્યનો મુસાફરોનો સામાન હેમખેમ પરત કર્યો

### ''સેવા હી સંકલ્પ'' અભિયાન હેઠળ રેલવે સુરક્ષા દળ દ્વારા કાયદો અને વ્યવસ્થા, જનજાગૃતિ અને સુરક્ષાના ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવે, રાજકોટ ડિવિઝનના રેલવે સુરક્ષા દળ એ કાયદો અને વ્યવસ્થા જાળવવામાં તથા મુસાફરો અને રેલવેની સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં તેમની પ્રતિબદ્ધતા અને કાર્યક્ષમતાનો ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. સપ્ટેમ્બર (૦૧.૦૯.૨૦૨૫ થી ૩૦.૦૯.૨૦૨૫) મહિના દરમિયાન ''સેવા હી સંકલ્પ'' અભિયાન હેઠળ, આઇજી-સહ-પ્રિન્સિપલ ચીફ સિક્યુરિટી કમિશનર શ્રી અજય સદાનીના કુશળ નેતૃત્વમાં આરપીએફ રાજકોટ ડિવિઝને અનેક જનહિતકારી અને નોંધપાત્ર કાર્યો કર્યા છે.

આ અભિયાનો હેઠળ હાથ ધરવામાં આવેલા મુખ્ય કાર્યો નીચે મુજબ છે

**ઓપરેશન અમાનતઃ** આરપીએફે મુસાફરોને પ્રમાણિકતાપૂર્વક મદદ કરી, ટ્રેનો અને સ્ટેશનો પર ભૂલથી છૂટી ગયેલા ૨૩ મુસાફરોનો આશરે ૨,૧૯,૯૮૨/- મૂલ્યનો સામાન હેમખેમ પરત કર્યો.

**ઓપરેશન સતર્કઃ** ગેરકાયદેસર દારૂની તસ્કરી વિરુદ્ધ કાર્યવાહી કરીને ૧ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી અને તેને આગળની કાયદેસરની કાર્યવાહી માટે સંબંધિત જીઆરપીને સોંપવામાં આવ્યો.

**ઓપરેશન નન્હે ફરિશ્તેઃ** ઘરથી ભાગી ગયેલા ૧૪ વર્ષના બાળકને સુરક્ષિત રીતે તેના પરિજનોને સોંપવામાં આવ્યો, જે આરપીએફની માનવીય સંવેદનશીલતા દર્શાવે છે.

**ઓપરેશન રેલ સુરક્ષાઃ** રેલવેની સંપત્તિની ચોરીના ૦૩ કિસ્સાઓમાં ૦૮ આરોપીઓની ધરપકડ કરીને તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી.

**ઓપરેશન સમય પાલનઃ** ટ્રેન સંચાલનમાં અવરોધ ઊભો કરનારા ૧૮ આરોપીઓ વિરુદ્ધ ૨૫ કેસ નોંધીને જરૂરી કાર્યવાહી કરવામાં આવી.

**ઓપરેશન જનજાગરણઃ** મુસ-ફરોને સુરક્ષા અને જાગૃતિ માટે પ્રેરિત કરવા માટે આરપીએફ દ્વારા બેનર, પી.એ. સિસ્ટમ દ્વારા ઘોષણાઓ અને ગ્રામ્ય સરપંચો/મુખીઓ સાથે બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનોમાં રેલ લાઈન ક્રોસ ન કરવા, પથ્થરમારો, નશામુક્તિ, મહિલા સુરક્ષા અને માનવ તસ્કરી વિરુદ્ધ જાગૃતિ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આરપીએફ, રાજકોટ ડિવિઝનના આ સતત પ્રયાસોએ માત્ર રેલવે પરિસરોની સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરી નથી, પરંતુ મુસાફરોમાં રેલવે પ્રત્યેનો વિશ્વાસ અને સુરક્ષાની ભાવનાને પણ મજબૂત બનાવી છે.

# લગ્નની લાલચે દુષ્કર્મ ગુજારનાર આરોપીની જામીન અરજી રદ



જય વણઝારા | રિધ્ધિ ગણાત્રા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં યુનિવર્સીટી પોલીસમાં નોંધાવેલ ફરીયાદ મુજબ આરોપી નીશીત જગદિશભાઈ મહેતાએ ફરીયાદી સાથે પરીચય કેળવી, ફરીયાદીનો સંપર્ક કરેલ અને ફરીયાદી અનુસુચિત જાતિનું હોવાનું જાણતા હોવા છતા ફરીયાદીને લગ્ન કરવાનું પાકુ વચન આપી અને ફરીયાદીને વિશ્વાસમાં લઈને આરોપી નીશીતએ ફરીયાદી સાથે અવાર-નવાર અલગ-અલગ જગ્યાએ શરીર સબંધ બાંધી, બાદમાં પાછળથી ફરીયાદી અનુસુચિત જાતિના હોય લગ્ન કરવાનો ઈન્કાર કરીને ફરીયાદીને ફોન પર તેમજ મેસેજમાં અપશબ્દો કહ્યા હતા. દરમિયાન ફરીયાદીને જાણવા મળેલ કે, આરોપી પહેલેથી પરીણીત છે. તા. ૩૦/૦૮/૨૦૨૫ ના રોજ પોલીસે ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ કરી હતી.

આરોપીએ સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરતા ફરિયાદી વતી કરવામાં આવેલી ધારદાર દલીલો અને રજૂઆતોને અંતે સેશન્સ કોર્ટે આરોપીની જામીન અરજી ફગાવી દીધી છે. આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ જય એમ. વણઝારા, રીધ્ધી જે. વણઝારા, કૌશલ એ. મહેતા રોકાયેલા હતા

# મૂળીના ગઢાદમાંથી તંત્રએ જપ્ત કરેલ જનરેટર ચોરી જતા ખનીજ ચોરો

### ખનીજ માફીયા વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાઇ

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના મુળીતાલુકાના ગઢાદ પાસેથી ખનીજચોરીમાં ઝડપાયેલા વાહનો-મુદ્દમાલ લઇ જવાતા સમયે ખનીજ માફીયા દ્વારા એક ટ્રેકટર-જનરેટર ચોરી કરી લઇ જવાતા પોલીસ ફરીયાદ નોંધાઈ છે.જ્યારે ખનીજ વિભાગ દ્વારા મુળી બાયપાસ પાસે ચેકીંગ દરમ્યાન ગેરકાયદેસર ખનીજના ૯ ડમ્પરો ઝડપી કાર્યવાહી હાથ ધરી છે. સાયલા પોલીસ દ્વારા ચોરવીરાની સીમમાં થતી ખનીજચોરી સ્થળે રેડ કરી હતી.રેડ દરમ્યાન પોલીસે ૮ ટ્રેકટર, ૬ જનરેટર, ૨૦ પાઈપ અને ૮ બકેટ સહિત લાખો રૂપીયાનો મુદ્દમાલ જપ્ત કરી સુરેન્દ્રનગર ખાણખનીજ વિભાગને જાણ કરી હતી.સુરેન્દ્રનગરથી ખનીજ વીભાગની ટીમે રોજકામ કરી આ ઝડપાયેલો મુદ્દમાલ સુરેન્દ્રનગર કચેરીએ લઈ જવાતો હતો.



એવામાં મુળી તાલુકાના ગઢાદ ગામની સીમમાંથી આ મુદ્દામાલ લાવતા સમયે એક ટ્રેકટર-જનરેટર કોઈ અજાણ્યા શખ્સ દ્વારા ચોરી કરી લઇ જવાયો હતો. આ બાબતની ખાણખનીજ વિભાગના માઇન્સ સુપરવાઇઝર યુવરાજદાન ગઢવી દ્વારા અજાણ્યા શખ્સ સામે મુળી પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ દાખલ કરાઈ છે. બીજી તરફ ખાણખનીજ અધિકારી જીગ્નેશ વાઢેરે ચોરી થયેલ ટ્રેકટરની વિગતો તપાસ કરાવતા આ ટ્રેકટર વાંકાનેર તાલુકાના કાશીપર ગામના ચંપાબેન ચોડાભાઈ ધોરીયાનું હોવાનું જાણવા મળ્યુ છે

# ચોટીલામાં પરણીત પ્રેમી સાથે વૃક્ષની ડાળીએ લટકી જઇ સગીરાનો આપઘાત

### સમાજ એક નહીં થવા દે તેવા ડરથી સેથામાં સિંદુર ભરી પગલું ભર્યુંઃ સ્યુસાઇડ નોટમાં વેદના છલકાય

**મુખ્ય સમાચાર, ચોટીલા**

ચોટીલાનાં જીવાપર ગામની સીમમાં પ્રેમાંધ પરણીત યુવાન અને સગીરાએ વૃક્ષની ડાળીએ ફાસો ખાઈ આત્મઘાતી પગલું ભરી મોતને ભેટતા પંથકમાં ચકચાર મચી જવા પામી છે. બનાવની પ્રાપ્ત વિગત મુજબ ગત. તા. ૩ /ના રોજ આકડીયા ગામની સગીર યુવતી ને જીવાપરનો પરણિત યુવાન વિક્રમ જયસુખ ભાઇ પરાલીયા ભગાડી ગયાની પોલીસ ફરિયાદ ગત તા. ૬/ના રોજ નાની મોલડી પોલીસમાં નોંધાયેલ જેના બીજા દિવસે સવારે જીવાપરના સીમ વિસ્તારમાં વૃક્ષ સાથે યુવાન અને યુવતી ફાસો ખાઈ લટકતા હોવાની જાણ થતાં નાની મોલડી પીઆઈ એન. એસ. પરમાર તથા સ્ટાફના માણસો દોડી ગયા હતા અને બંન્ને ના મૃતદેહ ને નીચે ઉતારી

પીએમ ની તજવીજ બાદ મૃતદેહોને અંતિમ વિધી માટે પરિવારજનોને સોપેલ હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક બંન્ને વચ્ચે પ્રેમ સંબંધ હોવાનું જાણવા મળ્યું છે તેમજ મરતા પહેલા બંન્ને સામાજિકતા ને કારણે એક નહીં થવાય તેથી આત્મઘાતી પગલા પહેલા યુવતી ના સેથામા સિંદૂર પુરી, આવતા ભવના કોડ સાથે જીવન ટૂંકાવ્યાનું અનુમાન સેવેલ છે. આમ તો સમાજ માટે આવા કિસ્સા લાલ બત્તી સમાન ગણાય છે. મોબાઇલ ક્રાંતિ બાદ ગામડાઓમા પણ અનેક આવા કિસ્સાઓ અવાર નવાર આવતા રહે છે. ત્યારે ચોટીલા વિસ્તારની આ ઘટનામાં મૃત્યુ ને ભેટેલ યુવાન પચ્ચીસ વર્ષ નો પરણીત હતો જેના ગૃહ સંસારમા તેની પત્ની અને અઢી વર્ષ નો દિકરો નોધારા થયેલ છે, આ તો કેવો પ્રેમ આંધળો તે સવાલ સાથે આ ઘટના અનેક સામાજિકતા સાથે વિચારો માંગી લે છે.

# સુરેન્દ્રનગર નજીક ડમ્પર અને કાર અકસ્માતમાં ચાર મહિલાના મોત

### માલવણ હાઇ-વે પર ડમ્પરે કારને ઠોકરે લીધી; ડેરવાળાની કારસવાર ચાર મહિલાએ જીવ ગુમાવ્યા

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લામાં માલવણ હાઈ-વે પર પૂરઝડપે કાળ બનીને ધસી આવેલા ડમ્પરે જી.જે.૦૧-ડબલ્યુ.પી.૫૧૯૪ નંબરની કારને ઠોકરે ચડાવતા ગમખ્વાર અકસ્માતમાં કારસવાર ચાર સ્ત્રીના ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યા હતા. જ્યારે કાલચાલકને ગંભીર ઈજા થઈ હોય સારવારમાં ખસેડાયો હતો. ઘટનાના પગલે હાઈ-વે પર ટ્રાફિકજામ થઈ ગયો હતો. ધામા ના દર્શન કરી પરત ફરી રહ્યા હતા તેવું જાણવા મળે છે.



માહિતી મુજબ અકસ્માતમાં જીવ ગુમાવનાર ચારેય મહિલાઓ લખતરના ડેરવાળા ગામની ક્ષત્રિય પરિવારની મહિલાઓ હતી. કારમાં માલવણથી સુરેન્દ્રનગર તરફ જતા હતા ત્યારે રસ્તામાં માતેલા સાંઢ જેવા યમદૂત બનીને બેફામ બનીને દોડી આવેલા ડમ્પરે કારને ઠોકરે લીધી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી. ચારેય મહિલાના સ્થળ પર જ મૃત્યુ થયા હતા. થાયલ ચાલકને સારવારમાં લઈ જવાયા હતા. પોલીસ અધિકારીઓ, સ્ટાફ દોડી આવ્યો હતો. ટ્રાફિક જામ થતાં પૂર્વવત કરાવ્યો હતો. ડમ્પર ચાલક સામે ગુનો નોંધ્યો નોંધ્યો હતો. બેફામ દોડતા ખનીજચોરી પણ કરતાં ડમ્પરો સામે તંત્રને કોની શરમ હશે તે પક્ષ પ્રશ્ન છે.

# કુવાડવાના જાળિયા ગામે પતા ટીંચતા સાત પતાપ્રેમી ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કુવાડવા નજીક જાળીયા ગામ પાસે વાડીની બાજુમાં ડીસીપી ઝોન-૧ની એલ.સી.બી.ની ટીમે બાતમીના મળતા તીનપત્તીનો જુગાર રમતા સાત શખ્સોને પકડી લીધા હતા.મળતી વિગત મુજબ જાળીયા ગામ પાસે કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની ડીસીપી ઝોન-૧ ની એલસીબીના હેડ કોન્સ જગદીશસિંહ પરમાર તથા કોન્સ. રવિરાજભાઈ પટગીરને બાતમી મળતા જાળીયા ગામ પાસે વાડીની બાજુમાં દરોડો પાડી તીનપત્તીનો જુગાર રમતા વાંકાનેરના અગાભી પીપળીયાના ભુપતસિંહ નટુભા જાડેજા, ખીમજી ભગવાનજીભાઈ કાંજીયા, વાંકાનેરના કોટડા નાયાણીના પરાક્રમસિંહ હાલુભા જાડેજા, ગીરીરાજસિંહ શકિતસિંહ જ વડેજા, સતા કડવાભાઈ વરૂ, ગ્રીનલેન્ડ ચોકડી પાસે રહેતા દિલીપ ગોરધનભાઈ પરસાણા અને અગાભી પીપળીયાના જગદીશ ઉર્ફે કાળુ શામજીભાઈ ઘેટીયાને પકડી લઈ રૂ. ૩૫૨૦૦ની રોકડ સહિતની મતા સાથે પકડી લઈ કાર્યવાહી કરી હતી આ કામગીરી પી.એસ.આઈ.બી.વી. ચુડાસમા, એ.એસ.આઈ, મનરૂપગીરી ગોસ્વામી, હરેશભાઈ પરમાર, હેડકોન્સ. હિતેશભાઈ પરમાર, જગદીશસિંહ પરમાર, હિતેન્દ્રસિંહ ઝાલા, કોન્સ. રવિરાજભાઈ પટગીર દ્વારા કરવામાં આવી હતી.

# કુવાડવા ગામે ગ્રામ પંચાયતની ઓફીસમાં પ્લોટના મામલે મહિલાની ધમાલઃ યુવકને ધમકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કુવાડવા ગામે પંચાયતની ઓફીસમાં પ્લોટ લેવાના મામલે મહિલા વિફરી હતી. જેમાં આવકનો દાખલો કઢાવવા આવેલા મોબાઈલના વેપારીને તમને તમારી જ્ઞાતિના ન કહેવા કહી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી ધમકી આપી હોવાની ફરીયાદ કરતા કુવાડવા પોલીસે મહિલા સામે એટ્રોસીટી સહીતનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ કુવાડવા ગામે રહેતા અને રોહીત વોચ એન્ડ મોબાઈલ નામે ધંધો કરતા જયેશભાઈ અમૃતભાઈ ચાવડા તા. ૨૩ના રોજ કુવાડવા ગામે ગ્રામ પંચયતની ઓફીસે આવકનો દાખલો કઢાવવા ગયા હતા. તે દરમ્યાન ઓફીસમાં બેઠા હતા ત્યારે તેના ગામમાં રહેતા ગીતાબેન કેશુભાઈ સેલાણીયા,પંચાયતના સભ્ય સુરેશભાઈ ઢોલીરીયા,વિનુભાઈ આંબલીયા સહીતના હોય જેમા ગીતાબેનએ ગામમાં ૧૦૦ વારનો પ્લોટ કેમ મને આપતા નથી અમે અગાઉ પણ માંગણી કરી હોય તો પણ કેમ આપતા નથી. ગામમાં ૧૦૦ વારના પ્લોટમાં ભરવાડ સમાજ,કોળી સમાજ અને હરીજન સમાજના લોકોની માંગણી છે જેથી ત્યા બેઠેલા જયેશભાઈએ દલીત સમાજ કહેતા મહિલા વિફરી હતી અને તમને તમારી જ્ઞાતિના ન કહેવા કહી જ્ઞાતિપ્રત્યે અપમાનીત કર્યા હતા. જેમા સરપંચ સહીતના આગેવાનો વચ્ચે આવી ગયા હતા અને સમજાવી મહિલાને તેના ઘેર મોકલી દિધા હતા. બનાવને પગલે કુવડવા પોલીસ મથકના જમાદાર સંજયભાઈ સહીતે એટ્રોસીટી સહિતનો ગુનો નોધી કાર્યવાહી કરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટ-ગોંડલ બાયપાસ હાઈવે પર ૮૬૦૦૦ના એમડી સાથે એક શખ્સની ધરપકડ

## એસઓજીની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવી હતીઃ રૂ.૯૧ હજારનો મુદ્દામાલ કબ્જેઃ સપ્લાયરની શોધખોળ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં શાળા-કોલેજોની આસપાસ ડ્રગ્સનું દુષણ ફેંલાય નહીં અને શહેરમાં યુવાનો નશાના રવાડે ન ચડે તે માટે રાજકોટ શહેર પોલીસ દ્વારા સે નો ટુ ડ્રગ્સ મીશન હાથ ધરવામાં આવ્યું છે ત્યારે એસઓજીની ટીમે બાતમીના આધારે રાજકોટ-ગોંડલ બાયપાસ નેશનલ હાઈવે પરથી એક ઇસમને રૂ.૮૬ હજારના એમડી (મેફેડ્રોન)ના જથ્થા સાથે દબોચી લઇ સપ્લ-ાયરની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ એસઓજીના પીઆઇ એસ.એમ.જાડેજાની સુચનાથી પીએસઆઇ વી.કે.ઝાલા, એએસઆઇ અરૂણભાઇ, વિરેન્દ્રસિંહ, હેડ કોન્સ. હરદેવસિંહ, યોગરાજસિંહ, અનોપસિંહ સહિતનો સ્ટાફ શહેરની ભાગોળે રાજકોટ-ગોંડલ બાયપાસ નેશનલ હાઇવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ટીમને મળેલ ચોક્કસ બાતમીના આધારે ગુરૂવર્દ એપાર્ટમેન્ટની બાજુમાં જોગમાયા સર્વિસ સ્ટેશનની પાછળ જાહેર રસ્તા પરથી મુકેશ સુગનામલ વસનાલી (રહે. રિધ્ધિ સિધ્ધિ સોસાયટી, દુધસાગર રોડ, હાલ રહે. ગોપાલ હોટલ ગૌરીદળ-મોરબી હાઈવે) નામના ઈશમને દબોચી લઇ તલાસી લેતા તેના કબ્જામાંથી માદક પદાર્થ મેફેડ્રોન ૮.૬૩ ગ્રામ કિંમત રૂ.૮૬,૩૦૦નો જથ્થો મળી આવતા પોલીસે એક મોબાઈલ સહિત કુલ રૂ.૯૧૩૦૦નો મુદ્દામાલ કબ્જે કરી એમડીનો જથ્થો કોણે આપ્યો તે સપ્લાયરની શોધખોળ શરૂ કરી છે.

# માંડાડુંગળ પાસે સ્વીફ્ટ કારમાં વિદેશી દારૂ સાથે બુટલેગર ઝડપાયોઃ એક ફરાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આજીડેમ ચોકડી પાસે આવેલ માંડાડુંગળ વિસ્તારમાં સ્વીફ્ટ કારમાં વિદેશી દારૂના જથ્થા સાથે આજીડેમ પોલીસે બુટલેગરની ધરપકડ કરી નાસી ગયેલા અન્ય એક શખ્સની શોધખોળ આદરી છે.

આ અંગેની માહિતી મુજબ આજીડેમ પોલીસ મથકના ડિ-સ્ટાફના પીઆઇ જનકસિંહ રાણા, કોન્સ. વિરેન્દ્રસિંહ સહિતનો સ્ટાફ આજીડેમ ચોકડી પાસે આવેલ માંડાડુંગળ વિસ્તારમાં એચપીના પંપથી આગળ સ્વીફ કાર નંબર જીજે૩એનબી૮૯૬૫માં બે શખ્સો શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે તેનો પીછો કરી ડાયમન્ડ પાર્ટી પ્લોટ પાસે કાર અટકાવતા એક શખ્સ નાસી ગયો હતો. જયારે પોલીસે કારની તલાસી લેતા તેમાંથી ૪૮ બોટલ વિદેશી દારૂ અને ૨૪૦ ચપલા મળી આવતા કારમાં બેઠેલ હરેશ હમીર પરમાર (રહે.થોરાળા યોગેશ્વર સ્કૂલની પાછળ, અયોધ્યા પાર્ક)ની ધરપકડ કરી કાર સહિત રૂ.૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી નાસી ગયેલો તુષાર મનુ પરમાર નામના શખ્સની શોધખોળ આદરી છે.

# શાપર નજીક ભંગાર રસ્તામાં ૨૦ બાળકો ભરેલી સ્કુલવાનનું ટાયર ફાટતા અફરાતફરી



## સદ્દનસીબે મોટી જાનહાનિ ટળતા રાહત અનુભવાઈઃ તંત્ર સામે વાલીઓ-સ્થાનિકોમાં રોષ ભભૂક્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ - જેતપુર હાઈ-વેની કામગીરી અને વરસાદના કારણે રસ્તા ભંગાર બની ગયા છે. જેના કારણે વાહનોના ટાયરમાં પંચર પડવા, ફાટી જવા અને અકસ્માત સર્જવાના બનાવો બની રહ્યા છે. ખાનગી શાળાના ૨૦ બાળકો બેઠેલા વાનનું ટાયર ફાટતા વાન બેકાબુ થતા બાળકોમાં દેકારો મચી ગયો હતો. ડ્રાઈવરે કાબુમાં લઈ લેતા મોટી જાનહાની ટળી હતી.

શાપરમાં આવેલી તપોવન સ્કુલની વાન ૨૦ વિદ્યાર્થીઓને બેસાડી જતી હતી તે દરમ્યાન પારડીના બ્રિજ પર સ્કુલ વાનનું ટાયર ફાટી જતા સ્કુલવાન બેકાબુ બની હતી આ દરમ્યાન વિદ્યાર્થીઓના જીવ તાળવે ચોંટી ગયા હતા અને બુમાબુમ મચાવી હતી. ડ્રાઈવરે મગર શાંતિ રાખી સ્ટેરીંગ પર કાબુ મેળવ્યો હતો. તમામ સલામત થતા રાહતનો શ્વાસ લીધો હતો. આ ઘટનાની જાણ વાલીઓને થતા કેટલાંક વાલીઓ અને સ્કુલનો સ્ટાફ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી ગયો હતો. જો કે આ ઘટનામાં એક મોટી ખુવારી ટળી છે. છાત્રો હેમખેમ હોવાથી વાલીઓએ પણ રાહત અનુભવી હતી.

ભંગાર થયેલા રસ્તા અને હાઈ-વેની મેથર ગતિએ ચાલતી કામગીરીથી અવાર નવાર બનાવો બનતા હોવાની સ્થાનીકોમાં ચચર્ચા થઇ રહી છે. ત્યારે વાલીઓમાં પણ રોષ ફેલાયો હતો.

# જેતપુર ચોરી કેસમાં વધુ એક ધરપકડઃ રાજકોટનો સાગરિત પણ સકંજામાં

## પુત્રી-પ્રેમી સહિત ત્રણેયના રિમાન્ડ મંજૂર



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુર શહેરના વાડી વિસ્તારમાં શાખો પિયાના દાગીનાની ચોરીના શરમજનક અને ચોંકાવનારા કિસ્સામાં પોલીસે વધુ ગતિવિધિ હાથ થરી છે. આ કેસમાં ફરિયાદીના સગીર પુત્ર, પુત્રી અને તેના પ્રેમીની સંડોવણી બાદ હવે રાજકોટ કનેક્શન ખુલતા પોલીસે ચોથા આરોપીની પણ ધરપકડ કરી લીધી છે. કોર્ટે પુત્રી, તેના પ્રેમી અને નવા પકડાવેલા સાગરિત સહિત ત્રણેય રિમાન્ડ મંજૂર કર્યા છે.

જેતપુરના બાપુની વાડીમાં અભિષેક સ્કુલ પાસે રહેતા અને ફોટોગ્રાફીનો વ્યવસાય કરતા વસંતભાઈ ઉર્ફે મુનાભાઈ પ્રભુદાસભાઈ ગોંડલીયા (ઉ.વ. ૪૩)એ શનિવારે, ૪ ઓક્ટોબરના રોજ પોતાના જ ઘરમાંથી કુલ રૂ ૮,૨૦,૨૫૦ની કિમતના સોના-ચાંદીના દાગીનાની ચોરી થયાની ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ તેમણે પોતાના જ ૧૬ વર્ષીય સગીર પુત્ર, ૨૧ વર્ષીય પુત્રી ઋત્વી અને તેમના મિત્ર કેતન ઉર્ફે અજય ધીરુભાઈ ભાયડીયા વિરુદ્ધ નોંધાવી હતી. ફરિયાદી વસંતભાઈના જણાવ્યા મુજબ, તેમના પિતાની તબયત નાદુરસ્ત રહેતી હોવાથી શુક્રવારે તેઓ મકાનના દસ્તાવેજો શોધવા માટે પિતાના ગોખંડના કબાટની તલાશી લઈ રહ્યા હતા. તે સમયે તેમાં રાખેલા આશરે રૂ. ૧,૬૦,૨૫૦ના દાગીના ગાયબ જણાયા હતા. બાદમાં તપાસ કરતા તેમના પોતાના રૂમના કબાટની તિજોરીમાંથી પણ આશરે રૂ.૬,૬૦,૦૦૦ની કિમતના સોનાના ઘરેણાંના ખાલી બોકસ જ મળ્યા હતા. ત્યાર બાદ ઘરમાંથી આટલી મોટી રકમના દાગીના ગાયબ થતા વસંતભાઈ અને તેમના પત્નીએ તેમના સંતાનોની કડક પૂછ્પરછ કરી હતી. પૂછ્પરછ દરમિયાન, સગીર પુત્ર અને પુત્રી ઋવી ભાંગી પડયા હતા અને કબૂલાત કરી હતી કે તેઓએ છેલ્લા બે મહિનામાં કટક-કટકે આ દાગીનાની ચોરી કરી તેમના મિત્ર કેતન ઉર્ફે અજય ભાવડીયાને આપ્યા હતા. જેને લઈ પિતાએ કરિયાદ નોંધાવતા જેતપુર સિટી પોલીસે તપાસનો ધમધમાટે ઘરૂ કર્યો હતો. પોલીસની તપાસમાં બહાર આવ્યું કે, ફરિયાદીની પુત્રી ઋત્વીના પ્રેમી કેતન ઉર્ફે અજય ભાવડીયાએ ચોરીના દાગીના રાજકોટમાં રહેતા તેના મિત્ર અભય વિનુભાઈ ગોહિલની મદદ થી મુંબઈમાં વેચી દીધા હતા. આ માહિતીના આધારે પોલીસે ગણતરીના કલાકોમાં રાજકોટથી અભય ગોહિલની પણ ધરપકડ કરી હતી.

હાલ પોલીસે આરોપી અભય ગોહિર, ફરિયાદીની પુત્રી ઋત્વી અને તેના પ્રેમી કેતન ઉર્ફે અજપને કોર્ટમાં રજૂ કર્યા હતા. કોર્ટે ત્રણેધ પુખ્ત વયના આરોપીઓના વધુ પૂછ્પરછ અને મુદ્દામાલની રિકવરી માટે ૩ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

જ્યારે આ કેસમાં સામેલ ફરિયાદીના ૧૬ વર્ષોપ સંગીર પુત્રને કાયદાકીય પ્રક્રિયા મુજબ બાળ સુધાર ગૃહમાં મોકલી દેવામાં આવ્યો છે. પોલીસ હવે ચોરીનો રૂ.૩.૧૯ લાખનો મુદામાલ કબજે કર્યા બાદ વધુ મુર્દામાલ મુંબઈ થી પરત મેળવવા માટે ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. છે. અને અને રિમાન્ડ દરમિયાન આ કેસમાં અન્ય કોઈ મોટા ખુલાસા થવાની પણ શક્યતા છે.

# અપહરણ દરમિયાન મોરબીનો વેપારી ચોટીલામાં અપહરણકારોની ચુંગાલમાંથી છુટતા ફિલ્મી દ્રશ્યો સર્જાયા



## ૫૦ લાખની ખંડણી માગી ચોટીલામાં ગોંધી રાખ્યો, જસદણમાં આંગડીયું આવ્યાનું કહી કાર ધીમી પડતા વેપારી ઠેકડો મારી નાઠયો, તેની પાછળ અપહરણકારો પણ ભાગ્યાઃ ઘટના સીસીટીવી કેમેરામાં કેદઃ પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર કબ્જે કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબીના વેપારીનું ચોટીલાથી અપહરણ કરી ૫૦ લાખની ખંડણી પડાવવા જસદણ આંગડીયા પેઢીમાં રૂપિયા લેવા આવેલા અપહરણકારોની ચુંગાલમાંથી વેપારી ભાગી છુટ્યો હતો ત્યારે પાછળ ત્રણ અપહરણકારો પણ ભાગ્યા હતા. આ ઘટના સીસીટીવીમાં કેદ થઇ હોય જસદણની બજારમાં ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા.જોકે આ મામલે કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી મોરબીના વેપારી કેવલ પટેલ નામનો યુવકનું ચોટીલા બાજુના ત્રણ અજાણ્યા શખ્સો દ્વારા અપહરણ કરી ૫૦ લાખની ખંડણી માંગવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. જોકે આ મામલે કોઈ પોલીસ ફરિયાદ નહી નોંધાતા પોલીસે પણ કોઈ કાર્યવાહી કરી નથી અપહરણકારોએ કેવલ પટેલ નામના યુવકનું અપહરણ કરી તેને ચોટીલા ખાતે ગોંધી રાખીને તેની પાસેથી રૂ.૫૦ લાખની ખંડણીની માંગણી કરી હતી. કેવલ પટેલે ખંડણીની રકમ જસદણની આ કારમાં અપહરણ થયું

એક આંગડિયા પેઢીમાંથી લેવા માટે હવાલો કરાવ્યો હોય આરોપીઓ કેવલ પટેલને તેની ટોયોટા કંપનીની કારમાં લઈને જસદણ આવ્યા હતા જ્યાં તક નો લાભ લઇ કેવલ જસદણના જુના બસ સ્ટેન્ડ નજીક પહોંચતા જ, કેવલ પટેલને મોકો મળતા તેણે પોતાની કારમાંથી ઠેકડો મારીને નાસી છૂટ્યો હતો કારમાંથી ભાગી જતા અપહરણકારો કેવલને પકડવા જસદણની ભર બજાર માં દોટ મૂકી હતી. વેપારીને ભાગતો જોઈને ગભરાયેલા ત્રણેય આરોપીઓ પણ કાર છોડીને તાત્કાલિક સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર ઘટનાક્રમ નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયો હતો.

આ બનાવની જાણ થતાં જસદણ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને કેવલ પટેલની કારને કબ્જે કરીને પોલીસ સ્ટેશને લઈ જવામાં આવી હતી. આ સનસનીખેજ ઘટનાના પગલે ઘટના સ્થળે લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા અને ચકચાર મચી ગઈ હતી. જોકે આ ગંભીર બનાવની ફરિયાદ ચોટીલા પોલીસ કે જસદણ પોલીસે હજુ સુધી કોઈ ગુન્હો નોંધ્યો નથી કે કોઈ આરોપીની ધરપકડની સત્તાવાર માહિતી નથી. આ સમગ્ર મામલે ઉચ્ચ પોલીસ અધિકારીઓની સુચના બાદ ગુન્હો નોંધાય તેવી શક્યતા છે.

# મહીકા ગામે જમીન કૌભાંડઃ શિવમપાર્ક રેગ્યુલાઈઝડ કરવાની અપીલ ફગાવાઈ

## મુકેશ પટેલ નામના શખ્સે સરકારી જમીનમાં ઉભી કરી નાખીઃ સરકારી જમીન ઉપર દબાણ કરવાનો કોઈને હક્ક નથીઃ સીટી પ્રાંત-૨ અધિકારી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તાલુકાના મહીકા ગામે સરકારી ખરાબાની કિંમતી જમીન ઉપર જમીન કૌભાંડીયાઓએ શિવમ પાર્ક રેસીડેન્સી નામની સૂચિત સોસાયટી બનાવી ગરીબ પરિવારોને શિકાર બનાવી અહીં ૧૬૦ જેટલા પ્લોટ, મકાન બનાવી નાખતા મામલતદાર દ્વારા સરકારી જમીન ઉપર દબાણ હટાવવા પેશકદમી કેસ ચલાવી દંડ ફટકારવાની સાથે સરકારી જમીન ખુલ્લી કરવા કરેલા આદેશને સૂચિત સોસાયટીના રહેવાસીઓએ સીટી પ્રાંત-૨ આસિસ્ટન્ટ કલેકટર સમક્ષ અપીલ કરી પડકારી દબાણ નિયમિત કરી આપવા દાદ માંગતા આ કેસમાં આસિસ્ટન્ટ કલેકટરે સરકારી જમીન ઉપર વગર મંજુરીએ દબાણ કરવાનો કોઈને હક્ક ન મળતો હોવાનું નોંધી તમામ ૧૬૦ દબાણકારોની અપીલ અરજી ફગાવી દઈ મામલતદારનો દબાણ હટાવવાનો હુકમ યોગ્ય ઠેરવ્યો હતો.

આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટની ભાગોળે આવેલ મહીકા ગામમાં રેવન્યુ સર્વે નંબર ૨૮૩ પૈકી ૧ની કરોડોની કિંમતી સરકારી ખરાબાની જમીન ઉપર દબાણો ઉભા થઈ ગયા હોવાની ફરિયાદને આધારે રાજકોટ તાલુકા મામલતદાર દ્વારા સર્કલ તલાટી મારફતે તપાસ કરતા ચોંકાવનારી હકીકતો સામે આવી હતી જેમાં રાજકોટના દેવપરામાં રહેતા મુકેશ ડી.પટેલ નામના શખ્સે સરકારી જમીન ઉપર શિવમપાર્ક રેસિડેન્સી નામની સૂચિત સોસાયટી ઉભી કરી લોકોને જુદા જુદા પ્રમાણપત્રો આપી જમીન અને મકાનનું વેચાણ કરતા સમય જતા અહીં એક બે નહીં પરંતુ ૧૬૦ આસામીઓએ મકાન બનાવી નાખ્યા હતા જેમાં ૯ ચોરસ મીટરથી ૧૨૪ ચોરસ મીટર સુધીના દબાણ ઉભા થયાનું ખુલતા મામલતદાર દ્વારા તમામ ૧૬૦ આસામીઓ સામે દબાણ કેસ ચલાવી સરકારી જમીન પરથી દબાણ હટાવવા આદેશ કરી દંડ ફટકારવામાં આવ્યો હતો.

બીજી તરફ મામલતદારના આ હુકમ સામે શિવમપાર્કના રહેવાસીઓએ સીટી પ્રાંત-૨ આસિસ્ટન્ટ કલેકટર સમક્ષ અપીલ કરી દાદ માંગતા જણાવ્યું હતું કે, અમો ગરીબ વર્ગના અને રોજે રોજનું કમાઈ ખાનાર વર્ગના છીએ, અમોને મુકેશ ડી.પટેલ નામના શખ્સે આ જમીન સરકારી ખરાબાની નહીં પરંતુ રેવન્યુ સર્વે નંબર ૨૦૦ની હોવાનું જણાવી પૈસા વસૂલી જુદા-જુદા પ્રમાણપત્ર આપતા મરણમૂડીમાંથી અહીં મકાન બનાવ્યા હોવાનું જણાવ્યું હતું. સાથે જ અરજદારો પાસેથી પંચાયત વેરો વસુલતી હોવાનું, લાઈટ પાણી સહિતની સુવિધા હોવાનું તેમજ માર્ગો પણ નિયમ મુજબ હોય અમારો આશરો નહીં છીનવવા અપીલ કરી દબાણ નિયમિત કરી આપવા દાદ માંગી હતી. જો કે, સીટી પ્રાંત-૨ આસિસ્ટન્ટ કલેકટર મહક જૈન દ્વારા તમામ ૧૬૦ અરજદારોના આ કેસમાં મહત્વનો મુદ્દો ટાંકી નોંધ્યું હતું કે, સરકારી જમીન ઉપર કોઈપણ વ્યક્તિ મંજૂરી વગર દબાણ કરવાનો હક્ક મળતો નથી. પ્રસ્તુત કેસમાં એન.એ.પોટેન્સિયલ જમીનમાં કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની ગંભીર નોંધ લઈ દબાણ નિયમિત કરવાની બાબત સરકારશ્રીની હોવાનું નોંધી મામલતદાર રાજકોટ તાલુકાનો દબાણ દૂર કરવાનો હુકમ કાયમ રાખી અપીલ અરજી ના મંજુર કર હતી.

# બાયોડીઝલના છ ધંધાર્થીઓને ૧૮.૧૨ લાખનો દંડ ફટકારતા કલેક્ટર

## ધોરાજી-ઉપલેટામાં અનાજની કાળાબજારી કરનાર ૪ આસામીઓને રૂા.૧.૭૧ લાખનો દંડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા મહેસુલી કેસોનો ધડાધડ નિકાલ કરવાની સાથે હવે પુરવઠા વિભાગના કેસોનો પણ નિકાલ કરવા ઝુંબેશરૂપે કામગીરી શરૂ કરી હોય તેમ અલગ અલગ ૧૦ કેસમાં બાયોડીઝલના છ ધંધાર્થીઓને ૧૮.૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકરવાની સાથે અનાજની સંગ્રહખોરી અને કાળાબજારી મામલે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ અન્વયે કેસ ચલાવી રૂપિયા ૧.૭૧ લાખથી વધુનો દંડ ફટકારી લાખો રૂપિયાની કિંમતનું બાયોડીઝલ અને અનાજ રાજ્યસાત કરવા આદેશ કર્યો હતો.

આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા પુરવઠા વિભાગ દ્વારા ગોંડલ, જેતપુર, જસદણ, ધોરાજી અને ઉપલેટા તાલુકામાં ચેકીંગ દરમિયાન અનઅધિકૃત રીતે બાયોડીઝલ અને અનાજના સંગ્રહ અને વેચાણ અંગેના જુદા જુદા દસ કેસ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ અન્વયે ચલાવી દંડ ફટકારતા હુકમ કર્યા હતા જેમાં બાયોડીઝલના અનઅધિકૃત વેચાણ સબબ ગોંડલ જામવાડીના રાજલ ટ્રેડર્સમાંથી ૭ હજાર લીટર, ગોંડલના પાટખીલોરી પાસેથી ૧૫૦૦ લીટર, જેતપુરના કાગવડ પાટિયા નજીક પરશુરામ એન્ટરપ્રાઈઝમાંથી ૧૬,૧૫૦ લીટર, પવન બાયો ઠયુલમાંથી ૯,૦૨૦ લીટર, જસદણ નજીકથી ૬૦૦૦ લીટર તેમજ આટકોટ નજીક ૩,૭૬૨ લીટર બાયોડીઝલ મામલે કેસ ચલાવી તમામ આસામીઓને કુલ રૂપિયા ૧૮,૧૨,૨૪૦નો દંડ કટકારી ૧૮,૨૬૨ લીટર શંકાસ્પદ પેટ્રોલિયમ પેદાશનો જથ્થો રાજ્યસાત કરવા હુકમ કર્યો હતો.

એ જ રીતે રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા ધોરાજી -જૂનાગઢ રોડ ઉપરથી પકડાયેલ ૩૬,૦૫૦ કિલોગ્રામ ઘઉં ચોખાનો જથ્થો રાજયસાત કરી ૧,૨૩,૪૮૦નો દંડ કર્યો હતો. જયારે ઉપલેટામાં અલગ-અલગ ત્રણ સ્થળોએ અનાજની સંગ્રહખોરી કરી સરકારી અનાજના ગેસરકાયદેસર વેચાણ સબબ કાર્યવાહી કરી ૧૫ હજાર કિલોગ્રામથી વધુ અનાજ રાજ્યસાત કરવા હુકમ કરી રૂ.૪૮ હજારથી વધુનો દંડ ફટકારી ચારેય કિસ્સામાં મળી કુલ રૂપિયા ૧,૭૫,૮૮૯ દંડ ફટકારવાની સાથે જ ૫૨, ૨૧૩ કિલોગ્રામ અનાજ રાજ્યસાત કરવા હુકમ કર્યો હતો.નોંધનીય છે કે, જિલ્લા કલેકટર દ્વારા લાંબા સમય બાદ આવશ્યક ચીજવસ્તુ ધારા અન્વયે કાર્યવાહી કરવામાં આવી હતી.

# રાજકોટમાં શિક્ષિકા સાથે ૧૨.૫૦ લાખની છેતરપિંડી

## મિત્રના મોબાઈલના ધંધામાં રોકાણ કરાવી બે વખત મામૂલી નફો આપીને વિશ્વાસ કેળવ્યા બાદ મોટી રકમ ઉસેડી લીધી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડી પાળ રોડ ઉપર રહેતા અને ક્રિષ્ના ઈન્ટરનેશનલ સ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરતા મહિલા સાથે શિક્ષિકાએ જ ૧૨.૫૦ લાખની છેતરપિંડી કરતા એ-ડિવિઝન પોલીસે ચાર લોકો સામે ગુનો નોંધ્યો હતો.

આ અંગે શિક્ષિકા નીતુબેન રાજેશભાઈ દાસે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેઓ જ્યારે તપસ્વી ઈન્ટરનેશનલ સ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરતા હતા ત્યારે એ જ સ્કૂલમાં મહિમાબેન કક્કડ નામના શિક્ષિકા પણ નોકરી કરતા હતા. આ વેળાએ મહિમાબેને નીતુબેનને કહ્યું હતું કે તેમનો મિત્ર પ્રેમ બુદ્ધદેવ મોબાઈલના ખરીદ-વેચાણનું કામ કરે છે અને તેમાં રોકાણ કરવાથી સારો નફો મળશે. ત્યારબાદ નીતુબેને સૌથી પહેલાં મહિમાને ગૂગલ-પે મારફતે ૫૫,૦૦૦ આપ્યા હતા જે પેટે તેમને ૮૦૦૦૦ રૂપિયા પરત મળ્યા હતા. આ પછી બીજી વખત ૭૦ હજાર આપ્યા તો વળતર પેટે કુલ એક લાખ મળતા તેમને વિશ્વાસ બેસી ગયો હતો.આ પછી નીતુબેને અલગ-અલગ તારીખે પ્રેમ બુદ્ધદેવ, મહિમાબેન કક્કડ, તેના એજન્ટ દર્શિલ વાઘેલા અને તસલીમ શાહમદારના ખાતામાં ૮.૫૦ લાખ રૂપિયાઆપ્યા હતા તો ૩.૫૦ લાખની રોકડ પ્રેમને મહિમાબેનની હાજરીમાં આપી હતી. જો કે વળતર મળવાનું બંધ થઈ જતાં પ્રેમ વિરુદ્ધ અરજી કરતા તેણે ૨૫ લાખ પરત કરશે તેવું નોટરાઈઝ લખાણ કરી આપતા સમાધાન થયું હતું પરંતુ હજુ સુધી પૈસા પરત ન મળતા આખરે ફરિયાદ નોંધાવી હતી.

# હોટેલનું ભાડું ભરવાના ચક્કરમાં યુવાન વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયો

## ભૂતખાના ચોક પાસે આવેલી એચ.આર.કિંગ હોટેલના સંચાલક પાસેથી ત્રણ વ્યાજખોરે પાંચથી ૨૫% સુધી વ્યાજ વસૂલ્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વ્યાજખોરની સામે એક ફરિયાદ હોટેલના સંચાલકે નોંધાવી છે જેમાં તેના જણાવ્યા પ્રમાણે હોટલનું ભાડું ચૂકવવા માટે યાયે પણા લીધા બાદ એક પછી એક ત્રણ વ્યાજખોરે તેને ચુંગાલમાં ફસાવી દેતા આખરે તેણે ફરિયાદ નોંધાવવી પડી હતી.

આ અંગે બાપા સીતારામ ચોક પાસે આદર્શ બિલ્ડિંગમાં રહેતા અને ભૂતખાના ચોક પાસે એચ.આર.કિંગ હોટેલનું સંચાલન કરતા હિરેન કિશોરભાઈ રૂડકિયાએ ફરિયાદમાં જણાવ્યું કે તેને હોટેલનું ભાડું ભરવા માટે પૈસાની જરૂર પડતા તેણે કાલાવડ રોડ પર ખેતલા આપા નામની ચાની હોટેલ ધરાવતા મુન્ના ભરવાડ પાસેથી કાર ગીરવે મુકીને ૩.૨૫ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા.

આ પેટે દર મહિને તે ૭% વ્યાજ ચૂકવતો હતો. જો કે પૈસાની વ્યવસ્થા ન થતાં તે વ્યાજ ભરી શક્યો ન્હોતો પરંતુ અત્યાર સુધીમાં તેણે વ્યાજપેટે મુન્નાને ૭૩૫૦૦ ચૂકવ્યા હોવાનું જણાવ્યું હતું. આ જ રીતે તેણે પાંચ લાખ રૂપિયા ખોડુ ભરવાડ નામના વ્યક્તિ પાસેથી ૨૫% વ્યાજે લીધા હતા. જેનું ત્રણ મહિના સુધી વ્યાજ ભર્યા બાદ પૈસાની વ્યવસ્થા ન થતા ખોડુ ભરવાડે વ્યાજ તો ચૂકવવુંજ પડશે કહીને ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ વિનય ઉર્ફે વિજય ટાંક પાસેથી ત્રણ લાખ રૂપિયાની દૈનિક હપ્તાની ડાયરી કરાવી હતી જેના હપ્તા પણ ચડી જતાં તેણે પણ ધમકી આપતા ફરિયાદ નોંધાવી હતી.

# એસ.ટી.બસ પોર્ટમાં ડ્રાઈવરથી બ્રેક ન લાગતાં વૃધ્ધ કચડાઈ ગયા

## જસદણ ડેપોની બસ ગેઈટ બહાર નીકળી રહી હતી ત્યારે વૃદ્ધ અચાનક સામે આવી જતાં સર્જાયો અકસ્માતઃ બસ પીલર સાથે પણ અથડાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં નવા એસ.ટી.બસ પોર્ટમાં લોકલ રૂટની બસના ડ્રાઈવરથી બ્રેક ન લાગતાં સામે આવેલા વૃદ્ધને તોતિંગ વ્હીલ હેઠળ કચડી નાખી મોતને ઘાટ ઉતારી દેતા ચકચાર મચી જવા પામી હતી.

આ ઘટના અંગે જાણવા મળેલી વિગતો પ્રમાણે દિનેશભાઈ મારવાણીયા (ઉ.વ.૬૫) નામના વૃદ્ધ એસ.ટી. બસ પોર્ટ ખાતે બસ પકડવા માટે જઈ રહ્યા હતા બરાબર ત્યારે જ અચાનક જસદણ ડેપોની રાજકોટ-બરવાળા રૂટની બસ નં. જીજે૧૮ઝેડ-૪૬૪૪ સામે આવી ચડતાં તેઓ કંઈ સમજે તે પહેલાં જ બસ હેઠળ આવી જવાને કારણે સ્થળ પર જ તેમનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું. બીજી બાજુ વૃદ્ધને કચડયા બાદ બસ ગેઈટના પીલર સાથે અથડાઈ હોવાનું પણ અકસ્માતને નજરે જોનારા લોકોએ કહ્યું હતું. બીજી બાજુ આ ઘટના અંગે એસ.ટી. ડેપો મેનેજર ઘનશ્યામ ચકે જણાવ્યું કે આ બસ ગેઈટની બહાર નીકળી રહી હતી ત્યારે ગેઈટ નજીક અચાનક જ વૃદ્ધ સામે આવી જતાં ડ્રાઈવર બ્રેક મારી શક્યો ન્હોતો અને આ અકસ્માત સર્જાયો હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. બસની બ્રેક ફેઈલ હતી કે કેમ તે અંગે મિકેનિકલ તપાસ કરાશે સાથે સાથે ડ્રાઈવર સામે પણ ખાતાકીય તપાસ કરવામાં આવશે.